
# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 4 * જાન્યુઆરી 2023 * કિં. ₹ 15




વિશ્વકોશ ટ્રસ્ટનું આગામી પ્રકાશન
શ્રી ભારતી રાણેનું પુસ્તક
'સ્નેહાંકિત વિશ્વ'



શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર દ્વારા આયોજિત શાળાના વિદ્યાર્થીઓ માટેની ક્વિઝ સ્પર્ધામાં ઉપસ્થિત રહેલા ધો. ૯થી ધો. ૧૨ના વિદ્યાર્થીઓ અને આચાર્યો



'પૂ. પ્રમુખસ્વામી મહારાજ : પ્રતિભા અને પ્રભાવ' વિશે પૂ. આદર્શજીવનદાસ સ્વામી



'ભારતીય નવલકથામાં આઝાદી-આંદોલન' વિશે ભરત મહેતા

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

## આજની વાત

# મહાત્મા ગાંધીજીએ હિટલરને લખેલા પત્રો !

યુરોપના રાજકીય આકાશમાં એડોલ્ફ હિટલર એક ધૂમકેતુની માફક પ્રગટ્યો અને ચોતરફ વિનાશની આંધી જગાવી. નાઝી (રાષ્ટ્રીય સમાજવાદી) પક્ષના નેતા અને જર્મનીના 'ફ્યૂહરર' તરીકે એણે અમર્યાદિત સત્તાઓ ભોગવી. પોતાના હજારો વિરોધીઓને મારી નાખ્યા અથવા કારાવાસમાં પૂરી દીધા. ચોતરફ હિટલરનો જય(હૅર હિટલર)ના નારાઓ ગુંજવા લાગ્યા. યહૂદીઓની મોટે પાયે સામૂહિક હત્યા કરી. એ આદેશ કરતો કે 'કોઈ પણ જાતની દયા વગર પાશવી બળથી દુશ્મનોનો નાશ કરો.' પરિણામે જગત પર દ્વિતીય વિશ્વયુદ્ધનાં વાદળો ઘેરાઈ રહ્યાં હતાં. બ્રિટનની બીજી ગોળમેજી પરિષદ પૂર્ણ થયા બાદ મહાત્મા ગાંધી વર્ધા આવ્યા અને અહીંથી એમણે જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરને બે પત્રો લખ્યા હતા.

આ પત્રોમાં મહાત્મા ગાંધીજીની એક જુદી છબી જોવા મળે છે. તેઓ એડોલ્ફ હિટલરને શાંતિનો રસ્તો અપનાવવા માટે સમજાવટનો માર્ગ દર્શાવતા નથી, પરંતુ એણે સર્જેલી અશાંતિનું એને કેવું ગંભીર પરિણામ ભોગવવું પડશે એ વિશે ચીમકી આપે છે. આ ચેતવણીમાં એક બાજુથી મહાત્મા ગાંધીજીની આત્મીયતાપૂર્ણ છબી જોવા મળે છે, તો સામે પક્ષે એટલી જ કઠોર સચ્ચાઈ દર્શાવે છે. એમણે ૧૯૩૯ની ૨૩મી જુલાઈએ વર્ધાથી આ પ્રમાણે પહેલો પત્ર લખ્યો.

પ્રિય મિત્ર,

મારા મિત્રો મને આગ્રહ કરે છે કે માનવતાને ખાતર હું તમને પત્ર લખું. પરંતુ હું એમની વિનંતી એ માટે ટાળતો રહ્યો કે મારો કોઈ પણ પત્ર તમને અવિનય સમાન લાગશે. એવું કંઈક છે કે જે મને એમ કહે છે કે હું ગુણા-ભાગ ન કરું પણ અપીલ જરૂર કરું, પછી ભલે એનો કોઈ અર્થ ન હોય !

એક વાત તો તદ્દન સ્પષ્ટ છે કે આજે આખી દુનિયામાં તમે એક જ એવી વ્યક્તિ છો કે જે યુદ્ધને રોકી શકો છો. એવું યુદ્ધ કે જે માનવતાનો કચ્ચરઘાણ કાઢી નાખશે. તમને આ બધું ગમે તેટલું મૂલ્યવાન લાગતું હોય, તોપણ એ ચીજની કિંમત તમારે ચૂકવવી પડશે. શું તમે એક એવી વ્યક્તિની અપીલ પર ધ્યાન આપશો કે જેણે મોટે ભાગે સફળતાનો ખ્યાલ કર્યા વગર યુદ્ધના માર્ગને જાણીને ત્યજી દીધો છે ? ખેર, હું પહેલેથી જ તમારી માફી માગું છું કે જો મેં તમને આવું લખવાની ભૂલ કરી હોય તો....

**સદૈવ આપનો મિત્ર.**

*

૧૯૩૯ની ૨૩મી જુલાઈના આ પ્રથમ પત્ર પછી ૧૯૪૦ની ૨૪મી ડિસેમ્બરે મહાત્મા ગાંધી એક બીજો લાંબો પત્ર વર્ધાથી લખે છે. પ્રથમ પત્ર અને બીજા પત્ર વચ્ચેના પાંચ મહિનાના ગાળામાં વિશ્વની પરિસ્થિતિ ઘણી પલટાઈ ગઈ હતી. બ્રિટન, ફ્રાન્સ અને રશિયા યુદ્ધથી ડરે છે, એમ માનીને હિટલર વધુ ને વધુ રાજ્યો ને સત્તાની

માગણી કરતો રહ્યો. વર્સેલ્સની સંધિનો ભંગ કર્યો. ઑસ્ટ્રિયા પર આક્રમણ કરીને એને જીતી લીધું હતું. બ્રિટને ચેકોસ્લોવાકિયાના જર્મન ભાષા બોલતા વિસ્તારો સામે ચાલીને જર્મનીને આપ્યા. વચનભંગ કરીને હિટલરે બાકીનો પ્રદેશ જીતી લીધો. જૂઠાં વચનો કે ખાતરીઓ આપીને ફરી જવામાં એને સહેજે ક્ષોભ ન થતો. ૧૯૩૯ની પહેલી સપ્ટેમ્બરે પોલૅન્ડ પર આક્રમણ કર્યું. ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. ડેન્માર્ક, નૉર્વે, નેધરલૅન્ડ્ઝ, બેલ્જિયમ અને લક્સમબર્ગ પર હિટલર આક્રમણ કરવાની તૈયારીમાં હતો, તે સમયે મહાત્મા ગાંધીએ એને આ બીજો પત્ર લખ્યો.

પ્રિય મિત્ર,

હું મિત્ર તરીકે તમને સંબોધી રહ્યો છું. તેની પાછળ કોઈ ઔપચારિકતા નથી. મારો કોઈ શત્રુ છે જ નહીં. છેલ્લાં ૩૩ વર્ષમાં મારા જીવનનું એક જ ધ્યેય રહેલું છે કે જાતિ, વર્ણ કે રંગભેદને લક્ષમાં લીધા વિના સમગ્ર માનવજાત સાથે મૈત્રી કાયમ કરીને મારા મિત્રોની સંખ્યામાં વૃદ્ધિ કરવી.

મને એવો વિશ્વાસ છે કે તમારી પાસે એ જાણવાનો સમય અને ઉત્સાહ હશે કે વૈશ્વિક મૈત્રીના સિદ્ધાંતના પ્રભાવમાં જીવતી માનવતાનો એક ઘણો મોટો હિસ્સો તમારા કામને કઈ દૃષ્ટિએ મૂલવે છે ? અમને તમારી બહાદુરી અથવા તો તમારી માતૃભૂમિ પ્રત્યેની શ્રદ્ધા વિશે કોઈ શંકા નથી અને તમારા વિરોધીઓ તમને દૈત્ય કહે છે, એવું અમે માનતા નથી. જોકે તમે અને તમારા મિત્રો અને પ્રશંસકોએ લખેલાં શબ્દો અને ઘોષણાઓ જોતાં વિશ્વમૈત્રીમાં વિશ્વાસ ધરાવતા મારા જેવા માનવીઓના આકલનમાં તો તમારાં કર્મ દૈત્યો જેવાં છે અને માનવીય ગરિમાનાં વિરોધી છે.

તમે ચેકોસ્લોવાકિયાને અપમાનિત કર્યું, પોલૅન્ડને તહસનહસ કરી નાખ્યું અને

## અનુક્રમ


| | | |
|---|---|---|
| મહાત્મા ગાંધીજીએ હિટલરને લખેલા પત્રો ! | ૩ | — |
| નવી સરકાર પાસે પ્રજાની અપેક્ષાઓ | ૭ | પ્રવીણ ક. લહેરી |
| આંખ અને કાન બનતી ઑરકેમ ટૅક્નૉલૉજી | ૧૦ | જનક શાહ |
| શબ્દાતીત લાગણી | ૧૩ | ભારતી રાણે |
| હવાયાન — હૉટ ઍર બલૂન | ૧૬ | ચિંતન ભટ્ટ |
| સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવવું સસ્તું છે | ૧૮ | નાનક ભટ્ટ |
| ફરતાં ગગનચુંબી | ૧૯ | હેમંત વાળા |
| સિટીઝન તો તેને કહીએ... | ૨૧ | રતિલાલ બોરીસાગર |
| ખુશી વહેંચતી ફિફ | ૨૪ | પ્રીતિ શાહ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૬ | ભદ્રાયુ વછરાજાની |
| ‘રેવડી’ : આ શબ્દ છે ‘વર્ડ ઑફ ધ યર’ | ૩૧ | મૈત્રી શાહ |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | — |

ડેન્માર્કને પણ ધૂળમાં મેળવી દીધું. હું જાણું છું કે તમે જિંદગી પ્રત્યે એવો દૃષ્ટિકોણ રાખો છો કે જેમાં આવી હલકી હરકતો તમારે માટે મોટી બહાદુરીનું કામ લેખાય છે. પરંતુ અમને બાળપણથી જ શીખવવામાં આવ્યું છે કે આ પ્રકારનું કામ માનવતાને લજ્જિત કરનારું કામ છે અને એટલે જ કદાચ અમે તમારી સફળતાની કામના કરી શકતા નથી.

પરંતુ અમારી સ્થિતિ થોડી અલગ છે. અમે બ્રિટિશ સામ્રાજ્યવાદનો મુકાબલો કરી રહ્યા છીએ, જે કોઈ પણ દૃષ્ટિએ નાઝીઓથી ઓછો નથી. જો આ બંનેમાં કોઈ તફાવત હોય તો તે થોડી માત્રાનો જ છે. સમગ્ર માનવજાતિનો પાંચમો હિસ્સો બ્રિટિશ શાસનના દમનચક્ર હેઠળ આવી ગયો છે અને એની કોઈ સુનાવણી થતી નથી.

એમના પ્રત્યેનો અમારો વિરોધ બ્રિટિશ નાગરિકોને નુકસાન પહોંચાડવાનો નથી. અમે એમને બદલવા માગીએ છીએ, લડાઈના મેદાન પર હરાવવા માગતા નથી. બ્રિટિશ સામ્રાજ્ય સામે અમારો આ નિઃશસ્ત્રોનો સંઘર્ષ છે. અમને ખબર નથી કે અમે એમનું હૃદયપરિવર્તન કરી શકીશું કે નહીં ? પરંતુ અમારો દૃઢ નિશ્ચય છે કે અમે અહિંસા અને અસહયોગની શક્તિથી એમના શાસનને અસંભવ બનાવી દઈશું, આ એક એવો ઉપાય છે કે જેમાંથી ઊગરી શકાતું નથી. આ એ જ્ઞાન પર આધારિત છે કે શોષક વ્યક્તિ શોષિત વ્યક્તિની સ્વેચ્છાથી કે જબરજસ્તીથી સહયોગની એક નિશ્ચિત માત્રા વિના કશું વધુ મેળવી શકતી નથી.

અમારા શાસકો અમારી જમીન ખૂંચવી શકે છે. અમારા શરીર પર રાજ કરી શકે છે, પણ અમારો આત્મા એમના સકંજામાં ફસાઈ શકતો નથી. તેઓ અમારું શરીર એટલે કે દરેક ભારતીય નર-નારી અને બાળકોને પૂરેપૂરાં નષ્ટ કરીને જ પામી શકે. એ સાચું છે કે બધા લોકો વીરતાની આ કક્ષા સુધી પહોંચી શકતા નથી અને એ પણ શક્ય છે કે ઘણા મોટા ભયની ભાવના વિદ્રોહને કમજોર કરી નાખે છે, પરંતુ આ તર્ક મૂળ મુદ્દાથી જુદો છે, કારણ કે ભારતમાં મોટી સંખ્યામાં એવાં સ્ત્રી અને પુરુષો મળશે કે જેઓ પોતાના શોષકની સામે ઘૂંટણિયે પડવાને બદલે કે કોઈ પણ પ્રકારની દુર્ભાવના રાખવાને બદલે પોતાનો પ્રાણ સમર્પિત કરવા તૈયાર હોય છે. આવા જ લોકો હિંસાના તાંડવની સામે આઝાદીનું બ્યૂગલ બજાવશે. તેઓ છેલ્લાં વીસ વર્ષથી આ પ્રકારની તાલીમ પામી રહ્યા છે. અમે છેલ્લાં પચાસ વર્ષથી બ્રિટિશ શાસન તંત્રને ઉખાડીને ફેંકવાની કોશિશ કરી રહ્યા છીએ. આઝાદીનું આંદોલન આજે જેટલું મજબૂત છે, તેટલું અગાઉ ક્યારેય નહોતું. સૌથી અધિક શક્તિશાળી રાષ્ટ્રીય સંગઠન એટલે કે ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ આ લક્ષ્યની પ્રાપ્તિ માટે જીવ સાટે પોતાના લક્ષ્યની પ્રાપ્તિનો પ્રયાસ કરે છે. એના અહિંસાત્મક પ્રયાસને કારણે અમે ઘણી મોટી અને સારા પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરી છે.

બ્રિટિશ શાસનતંત્ર વિશ્વના સૌથી વધુ સંગઠિત હિંસક તંત્રોમાંનું એક છે અને અમે એનો સામનો કરવાના યોગ્ય ઉપાયો શોધી રહ્યા છીએ. તમે એને પડકાર ફેંક્યો છે. હવે એ જોવાનું બાકી છે કે બ્રિટિશ અને જર્મનીમાંથી કયું હિંસક તંત્ર વધુ સંગઠિત છે. અમે જાણીએ છીએ કે બ્રિટિશ વિચારધારાનો અમારે માટે શું મતલબ હોય છે અને દુનિયાની બિનયુરોપીય જાતિઓ માટે શું હોય છે ? પરંતુ અમે જર્મનની મદદથી ક્યારેય બ્રિટિશ શાસનથી મુક્તિ પામવાનું ઇચ્છતા નથી. અમે અહિંસાનો માર્ગ શોધી લીધો

છે. આ એક એવી તાકાત છે કે જો એ સંગઠિત બને તો દુનિયાની સૌથી મોટી હિંસક તાકાતોના એકત્રિત સમૂહનો પણ નિઃશંકપણે મુકાબલો કરી શકે છે.

મેં કહ્યું તેમ અહિંસાની ટેક્નિકમાં પરાજય જેવી કોઈ વાત હોતી નથી. એ કોઈની હત્યા કર્યા વિના કે કોઈને ઘાયલ કર્યા વિના, 'કરો યા મરો'માં વિશ્વાસ રાખે છે. મજાની વાત એ છે કે આને માટે સંપત્તિ કે વિનાશના વિજ્ઞાનનો સહારો લીધા વિના એનો ઉપયોગ કરી શકાય છે. તમે તો આ બંનેની મદદ લઈને જોઈ લીધું છે.

એ બાબત મને પરેશાન કરે છે કે તમે જોઈ શકતા નથી કે અહિંસા કોઈની બપૌતી નથી. બ્રિટિશ નહીં તોપણ નિશ્ચિતપણે કોઈ તાકાત બહાર આવશે, જે તમારા પ્રયાસોનો ભાંડો ફોડી નાખશે અને તમારા જ હથિયારથી તમને ખતમ કરશે. તમારી જનતા તમારા માટે ગર્વ કરે એવી કોઈ વિરાસત તમારા ગયા પછી તમે છોડી જશો નહીં. ગમે તેટલી ભવ્યતાથી પણ ક્રૂર કાર્યોને અંજામ આપવામાં આવ્યો હોય તો કોઈ પણ પ્રજા તેનાં ગુણગાન કરતી નથી. આથી માનવતાને નામે હું તમને નિવેદન કરું છું કે તમે યુદ્ધ બંધ કરો. જો તમે તમારી સંયુક્ત પસંદની કોઈ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યૂનલ પાસે તમારા અને ગ્રેટ બ્રિટનના બધા જ વિવાદ ને મુદ્દાઓ લઈ જશો, તો તમને કશુંય નુકસાન નહીં થાય.

વળી યુદ્ધમાં જો તમને જીત મળે છે તો એનો અર્થ એ નથી કે તમે સાચા છો. એનાથી માત્ર એટલું જ સિદ્ધ થશે કે તમારી પાસે વિનાશની તાકાત વધુ હતી. જ્યારે કોઈ તટસ્થ ટ્રિબ્યૂનલ દ્વારા અપાયેલો ફેંસલો એ બતાવશે કે માનવીય રીતે કયો પક્ષ વધુ સાચો હતો.

તમે જાણો છો કે થોડાક સમય પહેલાં મેં પ્રત્યેક બ્રિટિશ નાગરિકને અપીલ કરી હતી કે મારા અહિંસાત્મક વિરોધના પ્રયોગનો સ્વીકાર કરો. એવું એ માટે કહ્યું કે, બ્રિટિશર મને એક મિત્ર અને વધુ તો એક બળવાખોર મિત્રના રૂપમાં જુએ છે, હું તમારે માટે અને તમારી જનતાને માટે સાવ અજનબી છું. આથી મારામાં એટલું સાહસ નથી કે મેં જેવી અપીલ પ્રત્યેક બ્રિટિશ નાગરિકને કરી, એવી જ અપીલ તમને પણ કરી શકું. બ્રિટિશ લોકોની બાબતમાં ગાઢ અસર થઈ તેવી મારી અપીલની ગાઢ અસર ન થાય, પરંતુ મારો આ પ્રસ્તાવ અત્યંત વ્યાવહારિક અને જાણીતો છે.

અત્યારે યુરોપની પ્રજાના હૃદયમાં શાંતિની ચાહના જાગી ઊઠી છે. અમે તો ખુદ અમારો શાંતિપૂર્વક સંઘર્ષ પણ આને માટે સ્થગિત કર્યો છે. તમારી પાસે એવી આશા રાખવી વધુ પડતી હશે કે તમે પણ આવા સમયમાં શાંતિને માટે પ્રયાસ કરો. તમારે માટે વ્યક્તિગત રીતે આનો કોઈ અર્થ નહીં હોય, પણ લાખ્ખો યુરોપવાસીઓને માટે ઘણી મોટી વાત બનશે કે જેમનો શાંતિ માટેનો મૂક પોકાર હું સાંભળી રહ્યો છું. મારો કાન તો લાખો મૂક પોકારો સાંભળવા માટે ટેવાઈ ગયો છે. હું ઇચ્છતો હતો કે તમને અને મુસોલિની મહાશયને એક સંયુક્ત અપીલ કરું. ગોળમેજી પરિષદમાં એક પ્રતિનિધિ તરીકે હું ઇંગ્લૅન્ડ ગયો હતો, ત્યારે રોમમાં મને મુસોલિનીને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. હું આશા રાખું છું કે તેઓ આ પત્રને આવશ્યક પરિવર્તનો સાથે એમને સંબોધિત થયેલો માનશે.

**સદૈવ આપનો મિત્ર**
**મોહનદાસ કરમચંદ ગાંધી**

# નવી સરકાર પાસે પ્રજાની અપેક્ષાઓ

ગુજરાતના ૬૨ વર્ષના ઇતિહાસમાં ભારતીય જનતા પક્ષને વિધાનસભાની ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં અભૂતપૂર્વ સફળતા હાંસલ થઈ. ૧૮૨ સભ્યોની વિધાનસભામાં ૧૯૮૫માં શ્રી માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં ૧૪૯ સભ્યોની જીતનો જે વિક્રમ રચ્યો હતો તેને પાર કરીને ભારતીય જનતા પક્ષે નવી સિદ્ધિનો ૧૫૬ સભ્યો સાથે સર્વોચ્ચ આંક સ્થાપિત કર્યો છે. જેટલી સફળતા મોટી, તેટલી પ્રજાની અપેક્ષાઓ પણ વધારે હોય તે સ્વાભાવિક છે. દરેક પક્ષ સંકલ્પપત્ર દ્વારા પોતે સત્તામાં આવીને શું કામ કરશે તેની જાહેરાત તો કરે છે. નવા વરાયેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સંકલ્પપત્રનો ચુસ્ત અમલ એ અમારી સરકારી અગ્રતા રહેશે' તેવું નિવેદન કર્યું છે. આ માટે મુખ્યમંત્રીશ્રી ધન્યવાદને પાત્ર છે.

આઝાદી સમયે સ્વરાજ સાથે સુરાજ્ય સ્થપાશે તેવી સૌની અપેક્ષા હતી. હજાર વર્ષની ગુલામી અને શોષણના કારણે જે કંગાલિયત, બીમારી, નિરક્ષરતા અને પછાતપણું હતું તેમાંથી ૭૫ વર્ષે દેશે નોંધપાત્ર વિકાસ કર્યો છે. કોઈ પણ શાસક માટે સુશાસન આપવું એ એક પડકાર છે. સરકાર દ્વારા વિકાસનાં અને લોકકલ્યાણનાં કામોને પ્રાધાન્ય મળતું રહે તેવી લોકોની અપેક્ષા હોય છે. ગુજરાત તેના સ્થાપનાકાળથી અન્ય રાજ્યોની તુલનામાં પ્રગતિશીલ રહ્યું છે. કૃષિ, ઔદ્યોગિક અને સેવાક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવીને ગુજરાતે એક મૉડલ પૂરું પાડ્યું છે. કોરોનાકાળની પછડાટ બાદ ઊભું થયેલું ગુજરાત આજે પ્રગતિના પંથે ખૂબ ઝડપથી આગળ વધવા સુસજ્જ છે. આગામી પાંચ વર્ષમાં ગુજરાતના અર્થતંત્રનું કદ યુ.એસ. ડૉલરની રીતે એક ટ્રિલિયનનું થાય તેવું સ્વપ્ન સાકાર થવાની પૂરેપૂરી સંભાવના છે.

લોકોને સરકાર પાસે સૌથી પ્રથમ અપેક્ષા સલામતીની - કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં રહે તેવી હોય છે. ગુજરાતમાં ગુનાઓનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ નજીકનું છે. ૨૦૦૨ના વર્ષ બાદ કોમી હુલ્લડો, કરફ્યૂ, ગોળીબાર જેવા બનાવો નથી બન્યા તેથી લોકો સલામતી અનુભવે છે.પોલીસતંત્ર લોકોના સાચા અર્થમાં રક્ષક બને તે માટે વિશેષ તાલીમની, પ્રજા સાથે સંપર્ક, સંવાદ અને સંવેદનાથી વિશ્વાસ પેદા કરવાની અને પોલીસસ્ટેશનોને 'વહીવટદારોની' નાગચૂડમાંથી મુક્ત કરી શકાય તો પ્રજા નિશ્ચિંત બની જીવી શકશે. સ્થાનિક કક્ષાએ અમુક અસામાજિક તત્ત્વોની દાદાગીરી અને લુખ્ખાગીરીને ડામવાની તાતી જરૂરિયાત છે. ખાનગી ધિરાણ દ્વારા દેવાદાર પરિવારોનું શોષણ એટલી હદે થાય છે કે દેવાદાર વ્યક્તિ કે પરિવાર સામૂહિક રીતે આત્મહત્યા કરે છે. ખનીજચોરી, વાહનવ્યવહારમાં જોહુકમી, ગેરકાયદે દારૂનો વેપાર

અને જમીન પડાવી લેવાના કિસ્સાઓ અંગે વર્તમાનપત્રોમાં દરરોજ કોઈક ને કોઈક સમાચાર હોય જ છે. હમણાં હમણાં નશાયુક્ત પદાર્થોનું, ડ્રગનું દૂષણ પણ ચિંતાજનક રીતે વધ્યું છે. આ બાબતો અંગે વિશેષ કાળજી થાય તેવી અપેક્ષા છે.

જીવનમાં રોટી, કપડાં, મકાન એ ત્રણ જરૂરિયાતો પાયાની ગણાય છે. સરકારે બે વર્ષથી ગરીબ પરિવારોને નિ:શુલ્ક અનાજ આપી ખૂબ સારી રાહત કરી આપી છે. ગરીબીનું પ્રમાણ વસ્તીના ૧૨ ટકા સુધી આવ્યું હતું, પણ કોરોનાની મહામારીના કારણે તેમાં નોંધપાત્ર વધારો થયો હતો. હવે આર્થિક ગતિવિધિઓ ઝડપી બનતાં ગરીબી અને બેરોજગારીમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી અપેક્ષા સૌના મનમાં હોય તે સ્વાભાવિક છે. ગુજરાતમાં કુપોષણની સમસ્યાને પણ અગ્રતાના ધોરણે કાયમી રીતે ઉકેલવાની જરૂર છે. આદિજાતિમાં સિકલસેલનો પ્રશ્ન, બહેનોમાં લોહતત્ત્વની ઊણપ, થેલિસિમિયાના કેસોની સંખ્યા, કૅન્સર, કિડની અને કાર્ડિયાક રોગોનું પ્રમાણ, ક્ષયની બીમારી અને ડાયાબિટીસના રોગને નાથવાનો પડકાર નાનોસૂનો નથી. 'રોટી' સાથે પોષણ અને આરોગ્યનો વિચાર કરીએ તો જે પ્રશ્નો છે તેના ઉકેલ માટે સર્વગ્રાહી યોજના બનાવી એક હજાર દિવસમાં ચુસ્ત અમલ થઈ શકે તો આ બાબતોની સમસ્યાનું ચોક્કસ નિરાકરણ થઈ શકે તેમ છે.

આપણા દેશમાં કપડાંની ઉપલબ્ધિ ખૂબ સારી છે. મકાન માટે મુખ્ય પ્રશ્ન તેની ખૂબ ઊંચી અને અનેકને પરવડી જ ન શકે તેવી કિંમતનો છે. સરકારે ગરીબ અને મધ્યમવર્ગને નાણાકીય સહાય કરી આ બોજ હળવો કરવા પ્રયત્ન કર્યો છે, પણ તેમાં હજી સમયાનુસાર થોડા ફેરફારો કરવા જરૂરી છે. જમીન અંગે ખાસ કરીને નવી શરત-જૂની શરત, બિનખેતી, ટાઉન પ્લાનિંગ વગેરેને કારણે લોકોને ઘણી હાલાકી અનુભવવી પડે છે. ગ્રામીણ, તાલુકા અને જિલ્લાકક્ષાએ વહીવટી સુધારણા કરી લોકોને જમીનના ઉપયોગમાં સરળતા રહે તેવી જોગવાઈઓની અપેક્ષા છે. વિકાસની સાથે વીજળી, રસ્તા અને પાણીની સુવિધાઓ સૌને મળે તે માટેની છે. જ્યોતિગ્રામ યોજનાએ ગુજરાતમાં સૌને ૨૪ × ૭ વીજળી ઉપલબ્ધ કરાવીને એક ક્રાંતિ કરી છે. ગુજરાતના રસ્તાઓથી સૌ પ્રભાવિત થતા હતા, પરંતુ છેલ્લાં થોડાં વર્ષોથી શહેરોના રસ્તાની હાલત બગડી છે. નૅશનલ હાઈવેની જાળવણીમાં પણ તેનું સત્તામંડળ ખૂબ ઊણું ઊતર્યું છે. નર્મદા યોજના સંકલિત પાણીપુરવઠાના નેટવર્ક બાદ પીવાના પાણીની સમસ્યા જે અગાઉ વિકરાળ હતી, તે લગભગ હલ થઈ છે. સ્થાનિક સ્તરે પાણીના જે સ્રોતો છે તેની જાળવણી અને વિકાસ થાય તે જરૂરી છે.

વર્તમાન યુગમાં દરેક નાગરિકને અદ્યતન આરોગ્ય-સુવિધાઓ અને સારું શિક્ષણ મળે તેમાં સરકારની મદદની અપેક્ષા રહી હોય છે. આ બંને આવશ્યક સેવાઓમાં – ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં ખૂબ તગડી ફી વસૂલે છે. સરકારી યોજના હેઠળ હાલ ગરીબ અને મધ્યમવર્ગને રૂ. પાંચ લાખની ખૂબ ઉત્તમ સારવાર 'આયુષ્યમાન કાર્ડ' દ્વારા નિ:શુલ્ક પ્રાપ્ત છે. શિક્ષણમાં બાલમંદિર હોય કે ઉચ્ચશિક્ષણ – આપણે ફીની

રકમ સાંભળીએ છીએ તો આપણી આંખો આશ્ચર્ય સાથે મોટી થઈ જાય છે. જો સરકારી શાળાના શિક્ષકો પોતાના વ્યવસાયની મહત્તા સમજીને ભાવિ પેઢીના ઘડતર માટે સંકલ્પબદ્ધ અને સમર્પિત થાય તો તેમાં નોંધપાત્ર સુધારો છે. આજે જે થોડી સરકારી પંચાયત શાળાઓ આદર્શરૂપ છે તે અપવાદ ગણાય છે. સરકારી શાળામાં ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય, તો જ ભાવિ પેઢીમાં સમાનતા શક્ય બનશે.

ચૂંટણી સમયે મતદારોએ અનેક પ્રલોભન આપતી લલચામણી જાહેરાતો કરી છે. જરૂરિયાતમંદ, વંચિતો અને શોષિતોને મદદ કરવી તે રાજધર્મ છે. આજે સરકાર સૌ પાસેથી કર વસૂલે છે પણ સરકારી નાણું એક યા બીજા બહાને થોડી માલેતુજાર વ્યક્તિઓ વ્યવસ્થા કરી સેરવી લે છે. સરકારી નાણાંનો ઉપયોગ ખૂબ કાળજીથી, કરકસરથી અને કાર્યક્ષમ રીતે થાય તેવી અપેક્ષા અસ્થાને નથી.

નવી સરકારે અભૂતપૂર્વ જનસમર્થન પ્રાપ્ત કર્યા પછી લોકોની સુખાકારી વધારવા માટે અનેક પડકારોને પહોંચી વળવાનું છે. છેવાડાના માનવીની સુખાકારીને સર્વોચ્ચ અગ્રતા મળશે તો સૌ રૂડાં વાનાં થઈ રહેશે તેમાં શંકા કરવાનું કશું કારણ નથી. સર્વોદય, અંત્યોદય, વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી યોજનાઓ થકી આપણે કવિ નર્મદની ઇચ્છા પૂર્ણ કરીશું. 'તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત, જય જય ગરવી ગુજરાત.'

**– પ્રવીણ ક. લહેરી**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# આંખ અને કાન બનતી ઓરકેમ ટેક્નોલોજી

વર્ષો અગાઉ લાખો કમનસીબ પ્રજ્ઞાચક્ષુ માનવીઓને માટે ક્રૂર દુર્ભાગ્ય તરીકે અંધાપો સ્વીકારવા સિવાય કોઈ ઉપાય ન હતો, પણ આવા એક માનવીએ વિશ્વના કોઈક ખૂણે આ નસીબને સ્વીકારીને ગૌરવપ્રદ જિંદગી વિતાવવાની પ્રતિજ્ઞા લીધી. આ માનવીએ પોતાનું સમગ્ર જીવન પ્રજ્ઞાચક્ષુઓ માટેની વાંચન-લેખનની પદ્ધતિના વિકાસમાં અર્પણ કરી અને લાખો અંધ લોકોનાં જીવનને બદલી નાખ્યાં. તે માનવી એટલે અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા અંધજનો માટેની વાંચન-લેખનની બ્રેઇલ લિપિના શોધક એવા લૂઈસ બ્રેઇલ (Louis Braille). આ વાત છે જ્યારે ડિજિટલ યુગના આગમનનાં હજી પગરણ મંડાયાં હતાં.

હવે જ્યારે ડિજિટલ યુગ પૂર્ણ રીતે વિકસ્યો છે, ત્યારે દેખતા માનવીઓએ અને નાનકડા એવા ઇઝરાયલ જેવા દેશે કેટકેટલાં ઉપકરણો વિશ્વને આપી ઉપકૃત કર્યું છે તે જાણીશું તો આશ્ચર્યચકિત થઈ જઈશું. ઇઝરાયલ ઘરેલુ કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં દુનિયામાં પહેલા નંબરે છે. દુનિયામાં પહેલો ફોન મોટોરોલા ઇઝરાયલે જ બનાવ્યો હતો તથા માઇક્રોસૉફ્ટ માટે પહેલી પેંટિયમ ચિપ ઇઝરાયલમાં જ બની હતી. ઉપરાંત પહેલી વૉઇસ મેલ ટૅક્નિક ઇઝરાયલમાં વિકસિત થઈ હતી.

અંધ અને દૃષ્ટિહીન સમુદાય માટે આંખ અને કાન બનતી ઑરકેમ (OrCam) ટૅક્નૉલૉજી ઇઝરાયલની શોધ છે. આ ઑરકેમ ટૅક્નૉલૉજી વિશે જાણીએ. વિશ્વભરમાં અંદાજે ૩૦ કરોડ લોકો અંધત્વ અથવા દૃષ્ટિની થોડી કે વધુ ક્ષતિથી પીડાય છે. ઑરકેમ ટૅક્નૉલૉજી દૃષ્ટિહીન સમુદાયના જીવનની ગુણવત્તાને બદલવામાં મદદ કરે છે. ઑરકેમ ટૅક્નૉલૉજીના પ્રોજેક્ટમાં વિશ્વભરના વિવિધ દેશો સહભાગી છે અને તેઓ અંધ અથવા દૃષ્ટિની ક્ષતિની વિવિધ કક્ષા સુધારે છે. સાથીરૂપ બનતી આ ટૅક્નૉલૉજી આંખ અને કાનની થોડી-ઘણી ક્ષતિ ધરાવતા લોકોને મદદ કરે છે.

ઑરકેમના સહસ્થાપક અને સહસીઈઓ પ્રોફેસર એમનોન શાશુઆ એ સમજાવે છે કે, ‘દૈનિક પ્રવૃત્તિઓમાં આ ઉપકરણ સ્વતંત્રતા પ્રદાન કરે છે જે વપરાશકર્તાઓને સમાજમાં વધુ સારી રીતે એકીકૃત થવા માટે નિર્ણાયક સમર્થન પ્રદાન કરે છે. ખાસ કરીને રોજગાર અને શૈક્ષણિક પરિવેશમાં આ ટૅક્નૉલૉજી વપરાશકર્તાઓને તેમની અંતર્ગત સંભવિતતા વધારવામાં મદદ કરે છે.’ ૨૦૧૦માં ઇઝરાયલના સંશોધકો પ્રો. એમનોન શાશુઆ અને શ્રી ઝીવ અવિરામ દ્વારા સંયુક્ત રીતે ઑરકેમ ટૅક્નૉલૉજિસની સ્થાપના કરી હતી. પ્રો. એમનોન શાશુઆ કમ્પ્યૂટર વિઝન અને મશીન લર્નિંગના નિષ્ણાત છે. તેઓ હિબ્રૂ યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર સાયન્સમાં મુખ્ય સ્થાન ધરાવે છે અને



**ઑરકેમ ઉપકરણ અને તેનો ઉપયોગ**



આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે 2020 Dan David Prize તેમને પ્રાપ્ત થયું છે. ઝીવ અવિરામ બેન-ગુરિયન યુનિવર્સિટીમાંથી ઔદ્યોગિક એન્જિનિયરિંગ અને મૅનેજમેન્ટમાં બી.એસસી.ની ડિગ્રી ધરાવે છે. ઝીવ અવિરામ તેમનાં ક્ષેત્રોની ત્રણ અગ્રણી ઇઝરાયલી કંપનીઓમાં સીઈઓ તરીકે કામગીરી કરી ચૂક્યા છે.

ઑરકેમનું ઉપકરણ વાયરલેસ, હલકું અને આંગળીના કદ જેવડું AI સંચાલિત મશીનો દ્વારા કામ કરે છે. આ કૃત્રિમ ઉપકરણ પહેરનારને હસ્તલિખિત નહીં, પરંતુ માત્ર પ્રિન્ટેડ અને ડિજિટલ ટેક્સ્ટ વાંચી આપે છે. આ ઉપકરણથી અખબારો, પુસ્તકો, કમ્પ્યૂટર અને સ્માર્ટફોન સ્ક્રીન, રેસ્ટોરન્ટના મેનુ, સુપરમાર્કેટનાં ઉત્પાદનો પરનાં લેબલો અને રસ્તાઓ ઉપરનાં સાઇનબૉર્ડ સમજવાં તેમના માટે સુલભ બની જાય છે. ઑરકેમની વધારાની વિશેષતાઓમાં ચહેરાની ઓળખ, ઉત્પાદનોની ઓળખ, રંગો અને નાણાંની નોંધોનો પણ સમાવેશ થાય છે.

ઑરકેમ દ્વારા ઇન્ટરેક્ટિવ સુવિધા સુલભ બને છે. વપરાશકર્તાઓ સાહજિક વૉઇસ કમાન્ડનો ઉપયોગ કરીને ઇચ્છિત માહિતી મેળવી શકે છે અને તેનું બીટા સંસ્કરણ વપરાશકર્તાઓને દરવાજા, હૉલમાં જવાનો રસ્તો, ખુરશીઓની જગ્યા વગેરેથી વાકેફ કરવામાં મદદરૂપ થાય છે. પહેરનારનાં ચશ્માંની ફ્રેમ પર ચુંબકીય રીતે માઉન્ટ થયેલ અને માત્ર ૦.૮ ઔંસ/૨૨.૫ ગ્રામ વજન ધરાવતું ઑરકેમ ઉપકરણ દૃષ્ટિની ક્ષતિ ધરાવતા લોકો સરળતાપૂર્વક ઉપયોગમાં લઈ શકે તેવી ડિઝાઇન ધરાવે છે. આ ઉપકરણ એ એકમાત્ર પહેરી શકાય તેવી કૃત્રિમ દૃષ્ટિ ટૅક્નિક છે. એ પહેરનાર વ્યક્તિ સાહજિકતાથી તેના પર દૃષ્ટિ કેન્દ્રિત કરીને વાંચી શકે છે. આમાં સ્માર્ટફોન કે વાઇ-ફાઇની જરૂર રહેતી નથી. કૃત્રિમ વિઝન ટૅક્નૉલૉજીના આ વિકાસથી પ્રેરિત ઑરકેમ એઆઈ-સંચાલિત કમ્પ્યૂટર વિઝનનો ઉપયોગ કરીને એવા લોકોને સ્વતંત્રતા પ્રદાન કરે છે, જેઓ દૃષ્ટિહીન છે અને જેમની શ્રવણશક્તિ નબળી છે. કંપનીના આ ઉપકરણને ૨૦૧૯ની TIMEની શ્રેષ્ઠ શોધની યાદીમાં સમાવવામાં આવ્યું હતું. વૈશ્વિક સ્તરે ઑરકેમ ઉપકરણ ૨૫ ભાષાઓમાં અને ૫૦ દેશોમાં ઉપલબ્ધ છે. જુલાઈમાં અમેરિકામાં લૉન્ચ કરવામાં આવેલાં ઑરકેમ ઉપકરણો ઝડપથી વાંચી શકે છે. ઑરકેમ લર્ન ઉપકરણ એ ગેમ-ચેન્જિંગ સૉલ્યુશન છે, જે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને કોઈ પણ ટેક્સ્ટ વાંચવા અને વાંચન પ્રવાહિતા અને સમજણને મજબૂત કરવા માટે અને ડિસ્લેક્સિયા જેવા વિદ્યાર્થીઓને વાંચન પડકારો સાથે સશક્ત બનાવે છે.

એમનોન શાશુઆ અને ઝીવ અવિરામે ઑરકેમ પહેલાં Mobileyeની શોધ કરેલી. ઝીવ અવિરામ ઑટોનોમસ ડ્રાઇવિંગ ઇનૉવેટર પણ છે. વૈશ્વિક અથડામણ ટાળવાની સિસ્ટમ લીડર તરીકે, સ્વાયત્ત ડ્રાઇવિંગ ઇનૉવેટર તરીકે તેમજ ઇન્ટેલ કૉર્પોરેશનમાં સીઈઓ અને સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપે છે.

ઝીવ અવિરામે અથડામણ નિવારણ અને શમન માટે ચેતવણીઓ પૂરી પાડતી દૃષ્ટિ-આધારિત અદ્યતન ડ્રાઇવર-સહાય પ્રણાલી (Advanced Driver-Assistance Systems - ADAS) વિકસાવી. આજે વિશ્વના ૯૦ % અગ્રણી ઑટોમોબાઇલ ઉત્પાદકો તેમનાં વાહનોને ચલાવવા માટે સુરક્ષિત બનાવવા મોબાઇલ-આઇ ટૅક્નૉલૉજી પર આધાર રાખે છે. વધુમાં મોબાઇલ-આઇની ક્રાંતિકારી શોધ સ્વાયત્ત ડ્રાઇવિંગ ટૅક્નૉલૉજી દ્વારા ભવિષ્યમાં લોકોની કાર ચલાવવાની રીતને સંપૂર્ણપણે બદલી નાખશે.

ઑરકેમ ઉપરાંત માનવજાતને ઉપયોગી એવાં કેટલાંય ઉપકરણો ઇઝરાયલમાં શોધાયાં છે જેવાં કે Nerivio - જે આધાશીશીની તીવ્ર સારવાર માટેનું તબીબી ઉપકરણ છે. WaterGen’s home appliance જે ઑફિસ વૉટર કૂલર જેવું લાગે છે અને નવી ફિલ્ટરેશનની પ્રક્રિયા દ્વારા પીવાલાયક પાણી બનાવવા માટે આસપાસની હવામાંથી ભેજ ખેંચે છે. વીજળી અથવા સૌર ઊર્જાનો ઉપયોગ કરીને કોઈ પણ પ્લમ્બિંગની આવશ્યકતા વિના દિવસમાં સાત ગૅલન જેટલું પાણી ઉત્પન્ન કરી શકે છે. આ ઉપકરણ વિવિધ જરૂરિયાતો માટે વિવિધ કદમાં હવામાંથી પાણીના એકમોનું ઉત્પાદન કરે છે.

ફક્ત કલ્પના કરી જુઓ કે એકાએક તમારી આંખે અંધારાં છવાઈ જાય અને તમે કાંઈ જ ન કરી શકો, તો તમારી હાલત કેવી થઈ જાય ? જે આંખ સમક્ષ કાયમી અંધકાર જ વ્યાપેલો હોય તે વ્યક્તિ પોતાનું રોજિંદું કાર્ય કેવી રીતે કરી શકતી હશે ? તેમને તો ડગલે ને પગલે યુદ્ધ જ લડવાનું હોય છે, હડસેલા ખાવાના હોય છે અને જિંદગી પૂરી કરવાની હોય છે. પણ ઈશ્વર જ્યારે એક ઇન્દ્રિયની કમી આપે છે ત્યારે બીજી ઇન્દ્રિયોને સતેજ બનાવે છે અને જિંદગીમાં સક્ષમ માનવી પણ ન કરી શકે તેવાં કાર્ય કરીને દુનિયાને ચકિત કરી દે છે. પરિસ્થિતિ સામે સંઘર્ષ કરનારા પ્રજ્ઞાચક્ષુ લડવૈયાના ઇતિહાસનાં પાનાંની આ વાત કદાચ ભૂતકાળ બની જશે તેવું આ ટૅક્નૉલૉજી સૂચવે છે. પણ તે પ્રજ્ઞાચક્ષુ લડવૈયાની વાતો આ આધુનિક ડિજિટલ યુગના પરિપ્રેક્ષ્યમાં યાદ કરીશું તો ખ્યાલ આવશે કે અંધકારને વેઠીને પણ તે પ્રજ્ઞાચક્ષુઓએ કેવાં કેવાં અજવાળાં પાથર્યાં હતાં અને આજે દેખતા વૈજ્ઞાનિકોએ જે ઉપકરણો શોધ્યાં છે તે આજના પ્રજ્ઞાચક્ષુઓ માટે કેટલાં ઉપયોગી છે. ઇઝરાયલના ઑરકેમ ટૅક્નૉલૉજીના સહસ્થાપક અને સહઅધ્યક્ષ પ્રો. એમનોન શાશુઆને અને ઝીવ અવિરામને આવા આવિષ્કારો માટે અભિનંદન. આ આવિષ્કારને જોવા માટે યૂટ્યૂબની https://youtu.be/KEF5dLlEq74 લિન્ક પર ક્લિક કરશો તો ખ્યાલ આવશે કે કેવી અદ્ભુત શોધ આ વૈજ્ઞાનિકોએ કરી છે !

— જનક શાહ

પ્રવાસ

# શબ્દાતીત લાગણી

ઑસ્ટ્રિયા આમ તો નિતાંત ખૂબસૂરત દેશ છે, પણ બેડગેસ્ટાઇનની આસપાસના પ્રદેશમાં એનું નીખર્યું-નીતર્યું સૌંદર્ય સવિશેષ કામણગારું લાગ્યું. ઑસ્ટ્રિયાની ખરી ઓળખાણ વિયેના, સોલ્સબર્ગ, ઇન્સબ્રુક વગેરે શહેરોમાં નહીં, આ પ્રકૃતિના ખોળે વસેલાં ગામડાંઓમાં મળી. ઑસ્ટ્રિયાના ઊંડાણના પ્રદેશોમાં વસેલા બેડગેસ્ટાઇન નામના નાનકડા ગામડામાં અઠવાડિયું રહેવાનું ગોઠવેલું, જ્યાંથી આસપાસનાં શહેરો પણ જોવાય અને શૈલશૃંગો, વનશ્રી અને સરોવરોને પણ માણી શકાય. અમારા રૂમની ગૅલરીમાંથી ઉન્નત ગિરિશૃંગોના લીલાછમ ઢોળાવો દેખાતા હતા. હોટલની પછીતે, થોડાક નીચાણ પર ગરમ પાણીનું ઝરણું વહેતું હતું. અહીં બેડગેસ્ટાઇન માતાનું મંદિર બાંધીને એને કોઈએ ગંદા ઓરડામાં કેદ કરેલું નથી, પણ એક ઘાટીલા શિલ્પ વચ્ચેથી ફુવારાની જેમ વહાવવામાં આવ્યું છે.

રોજ વહેલી સવારે અમારી સફર શરૂ થતી, ત્યારે બેડગેસ્ટાઇનના રેલવેસ્ટેશન પર ગણ્યાગાંઠ્યા લોકો ટ્રેન પકડવા ઊભેલા દેખાતા. મિનિટ ટુ મિનિટ અને સેકંડ ટુ સેકંડની નિયમિતતાથી દોડતી ટ્રેન પકડીને અમે શ્વારઝેક સ્ટેશને પહોંચી જતાં. ત્યાંથી આખા ઑસ્ટ્રિયામાં જ્યાં જવું હોય, ત્યાંનાં કનેક્શન મળે. રોજ નવાં નવાં સ્થળોમાં ઘૂમીને મોડી રાત્રે અમે ફરી બેડગેસ્ટાઇન પાછાં ફરતાં. ત્યાં નાનાં સ્ટેશનો પર તો ભાગ્યે જ કોઈ રેલવેકર્મચારી દેખાતા. ટિકિટ ખરીદવા માટે, ચા-કૉફી, સિગારેટ, ચૉકલેટ, છાપાં દરેક વસ્તુ માટે વેન્ડિંગ મશીન મૂકેલાં હતાં. ખાસ ધ્યાન ખેંચે તેવી વાત એ હતી કે ઘણા બધા લોકો સાઇકલ પર સ્ટેશને આવતા. સૌ એક મોટી બારીમાં સાઇકલ જમા કરાવે અને ટ્રેન પકડી લે. વળતાં સાઇકલ દોડાવતા પાછા ઘરભેગા. કેટલીક ટ્રેનોમાં સાઇકલ સાથે લઈને જવાની વ્યવસ્થા પણ હતી, જેથી લોકો કામને સ્થળે સ્ટેશન પર ઊતરીને સીધા જ પોતાની સાઇકલ પર રવાના થઈ શકતા. આ દૃશ્ય મજાનું હતું. રોજ ટ્રેનની મુસાફરી દરમિયાન અમને ઑસ્ટ્રિયાની નમણી નજાકતનો અદ્‌ભુત પરિચય થયો. પણ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી એક ઘટના મનમાં હજીય ખૂંચ્યા કરે છે. ઑસ્ટ્રિયન લોકો બેહદ બેફામ ધૂમ્રપાન કરે છે. પુરુષો અને સ્ત્રીઓ તો ઠીક, નાનાં બાળકો અને કુમળા કિશોર પણ છડેચોક ધૂમ્રપાન કરતાં જોવા મળ્યાં. બાર-તેર-પંદર વર્ષની કુમળી બાલિકાઓનાં ને કિશોરીઓનાં ફેફસાં સિગારેટના ધુમાડાથી દાઝતાં જોઈને અમને તબીબોને દુઃખ કેમ ન થાય ? એકબે વર્ષના પોતાના બાળકની બાબાગાડી હાંકતી હાંકતી, સિગારેટના કશ લેતી માતાઓ અને ક્યાંક તો વળી ગર્ભવતી મહિલાનેય ધુમાડા કાઢતી જોઈ ત્યારે પેલી આવનારી પેઢીનાં બાળકોય કાચી ઉંમરમાં સિગારેટ પીતાં ને ફેફસાં બાળતાં શીખી જશે, તેની ચિંતા અમને સતાવતી.



**બેડગેસ્ટાઈન ગામ**

ભાંગતે અંધારે અમારું ભ્રમણ શરૂ થતું, સુંદરતમ દશ્યાવલી અને રસપ્રદ લોકજીવન વચ્ચેથી પસાર થતાં દિવસ ક્યાં નીકળી જતો, ખબર જ ન પડતી. સાંજ ઢળતાં અમે રિસૉર્ટ પર પાછાં ફરતાં. આવીને સ્વિટના નાનકડા રસોડામાં ઝટપટ રસોઈ બનાવી, રિસૉર્ટના તરણકુંડમાં તરવા જવાનું. તરી આવીને જમીએ, પછી થોડો સમય આવનારા દિવસનું આયોજન કરવામાં જાય, એટલામાં તો સ્વપ્નલોકનું તેડું આવી જ ગયું હોય !

આવી જ એક સાંજે, હું રિસૉર્ટના સ્વિમિંગ-પુલમાં તરતી હતી, ત્યારે એક યુગલ પોતાના નાનકડા સાતેક વર્ષના બાળકને લઈને તરવા આવ્યું. બાળક ટ્યૂબ ભેરવીને છબછબ પાણી ઉડાડતું ખુશખુશાલ તરવા લાગ્યું. થોડી વાર આનંદ કરવા દીધા પછી, યુવતી એને ટ્યૂબ કાઢીને તરતાં શીખવવા લાગી. બાળક માંડ તરે ને વળી ભયભીત થઈને યુવતીને પકડી લે. યુવતી એને વિશ્વાસ આપે ને બાળક ફરી આગળ વધે. થોડી વાર આમ ચાલ્યું, પછી એ બાળકને છીછરા પાણીમાં લઈ ગઈ અને ત્યાં એને ગલોટિયું ખાતાં શીખવવા લાગી. બાળક સફળતાપૂર્વક ગલોટિયું ખાય એટલે પેલી સ્ત્રી એને ખૂબ વહાલ કરે. બાળક આનંદવિભોર થઈને પુનઃ પુનઃ વહાલ મેળવવા બમણા ઉત્સાહથી ગલોટિયાં ખાય ! મા-દીકરાની આ જળરમત હું જોતી હતી, ત્યારે અનાયાસ જ મારાથી બાળકની સફળતા પર તાળી પડાઈ ગઈ, ને એમ એની મા મારી દોસ્ત બની ગઈ ! સ્મિત આપતી એ યુવતી મારી નજીક તરવા લાગી, ને અમે વાતે વળગ્યાં. મેં પૂછ્યું, 'શું ઉંમર છે, તારા બાળકની ?' એ કહે, 'પરમ દિવસે એને સાત પૂરાં થશે. હજી એ પાણીથી બહુ ડરે છે. હું એની બીક દૂર કરવા કોશિશ કરું છું.' મેં કહ્યું, 'તું બહુ સારી શિક્ષિકા છે..' અભિનંદનથી એ રાજી થઈ, ને પછી એણે જે કાંઈ કહ્યું, તે અવિસ્મરણીય છે.

એણે કહ્યું, 'આ અમારું બાળક નથી, બીજાનું છે. એને એની મા એટલું બધું મારતી ને માનસિક ત્રાસ આપતી કે એ સખત છળી ગયેલું રહેતું. એટલી હદ સુધી કે ચાર



**બેડગેસ્ટાઇનની ખીણ**

વર્ષનું થયું ત્યાં સુધી એ બોલતાં પણ શીખી ન શક્યું. તે દિવસોમાં હું આવાં, ભયગ્રસ્ત અને સામાજિક પરિસ્થિતિને કારણે માનસિક દબાણનો ભોગ બનેલાં બાળકોની શિક્ષિકા તરીકે કામ કરતી હતી, એટલે આ બાળક મારી પાસે ભણવા મુકાયું. દિવસે દિવસે કોણ જાણે કેમ મને એમ લાગવા માંડ્યું કે એનું સ્થાન કોઈ સંસ્થામાં નહીં, અમારા કુટુંબમાં જ હોવું જોઈએ. મારા પતિની સંમતિથી હું એને અમારા ઘરે લઈ આવી. ધીમે ધીમે એ બોલતું થયું. પછી સતત પ્રેમ મળતાં એનો વિકાસ સરસ થયો. છેલ્લાં ત્રણ વરસથી એ ઉત્તરોત્તર વિકાસ કરી રહ્યો છે. હવે એના મનમાં માત્ર પાણીની બીક જ રહી છે, લાગે છે કે એય જલદી દૂર થઈ જશે. મારા પતિ કમ્પ્યૂટર એક્સપર્ટ છે. અમારાં પોતાનાં બાળકો તો ૧૭ અને ૧૯ વર્ષનાં થઈ ગયાં. દીકરી અમેરિકામાં મ્યુઝિક-થૅરપી શીખે છે ને દીકરો વિજ્ઞાનનો વિદ્યાર્થી છે. આ નાનકડા બાળકને સાચવવા હવે હું કામ કરતી નથી. બસ, જર્મનીના એક નાના શહેરની ગૃહિણીમાત્ર છું.'

ઑસ્ટ્રિયામાં મળી ગયેલી આ જર્મન યુવતીની માનવતા, એનું વાત્સલ્ય અને જીવન પ્રત્યેના એના અભિગમને બિરદાવવા મારી પાસે શબ્દો નહોતા. એની વાત સાંભળીને હું ભાવવિભોર બની ગઈ. મેં એને ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં. થોડે દૂર તરતા એના પતિ સાથે હજી ઓળખાણ નહોતી થઈ, છતાં તેમના તરફ અભિનંદનનો હાથ ફરકાવ્યા વિના પણ ન જ રહેવાયું. એ યુવતીનું ઇંગ્લિશ ભાંગ્યુંતૂટ્યું હતું. વાક્પ્રવાહમાં ક્યારેક યોગ્ય શબ્દો શોધવા એ બેબાકળી બની જતી. પણ શબ્દોનું અહીં ક્યાં કાંઈ મહત્ત્વ હતું ? લાગણી જ શબ્દાતીત હતી, એથી અમે એકબીજાને સમજતાં હતાં. ઠંડા પાણીમાં ઊભાં ઊભાં અમે ઘણી વાતો કરી હતી. એ ઠંડીમાં થથરી રહી હતી. કાંપતા અવાજે એ બોલી, 'મારે હવે હૂંફાળા પાણીમાં જવું જોઈએ.' આવજો કહેતી એ બાજુના રૂમમાં મૂકેલા હીટેડ જાકૂઝી તરફ ચાલી. બાળક એની પાછળ દોડ્યું. સાથે મારું શુભેચ્છાભર્યું ને માતૃત્વભીનું મન પણ તેમની પાછળ પાછળ દોડ્યું, દૂર...દૂર...

**– ભારતી રાણે**

# હવાયાન - હોટ એર બલૂન

નવા વર્ષની શરૂઆત આપણે મકરસંક્રાંતિ કે ઉત્તરાયણ ઊજવીને કરીએ છીએ. ૧૪મી જાન્યુઆરીની આ ઉજવણીને સૌરાષ્ટ્રમાં 'ખીહર' પણ કહે છે. એક સમયે આ દિવસે આકાશમાં સૂર્યોદય ઉત્તર દિશા તરફ થવા લાગતો હતો. આપણે જાણીએ છીએ કે પૂર્વ દિશામાં ઊગતો સૂર્ય ઋતુ પ્રમાણે - વર્ષના મહિના પ્રમાણે થોડો ઉત્તર કે થોડો દક્ષિણ તરફ ઊગે છે. સૂર્યની ગતિ પણ સૂક્ષ્મ રીતે થોડી થોડી બદલાતી રહે છે આથી દાયકાઓ વીતતાં સૂર્યનું ઉત્તરાયણ કે દક્ષિણાયન એના એ જ દિવસે નથી થતું. આ બધી વાતો વર્ષોવર્ષ આપણે ૧૪મી જાન્યુઆરીએ વાગોળીએ છીએ. એક વૈજ્ઞાનિક કે ખગોળીય ઘટનાને ઉત્સવ બનાવી આપણે ઊજવીએ છીએ. આ સાથે તલ, ગોળ, શેરડી, ઘૂઘરી, ખીચડો જેવી કેટલીક ખાદ્ય-સામગ્રી યાદ આવી જાય છે. ઉત્તરાયણને આપણે પતંગ- ઉત્સવ તરીકે પણ ઊજવીએ છીએ. કાગળના નાના સંકુલમાં સળગતી મીણબત્તી રાખીને મોટા પતંગની (તુક્કલ) દોરી સાથે બાંધી તેને ઊંચે મોકલવાથી રાત્રે તે નયનરમ્ય લાગે. છેલ્લાં થોડાં વર્ષોથી આ નાનકડા ફાનસ જેવા ગુબ્બારાને સ્થાને નાના 'હૉટ ઍર બલૂન' - 'હવાયાન' આવી ગયાં છે. તેને 'ચાઈનીઝ બલૂન' તરીકે પણ ઓળખવામાં આવે છે. હવાયાનને પતંગની દોરી સાથે બાંધ્યા વગર જ છોડવામાં આવે છે. તે સળગતું જ નીચે પડે ત્યારે આગ-અકસ્માતની શક્યતા ખૂબ વધી જાય છે તેથી તેના પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આશા રાખીએ આપણે સૌ ચાઈનીઝ બલૂનથી દૂર રહી સલામત રહીએ.

આપણે જાણીએ છીએ કે ગરમ હવા હલકી હોવાથી તે ઉપર જાય છે. આ સિદ્ધાંતને અનુસરીને ગરમ હવા ભરેલો ગુબ્બારો હવામાં ઊંચે જાય છે અને જ્યારે બહારની હવા અને અંદરની હવાની ઘનતાનું સમતોલન સધાય ત્યારે તે હવામાં તરવા લાગે છે. તરતો ગુબ્બારો પવનની દિશામાં યાત્રા કરે છે. મોટાં હવાયાન દ્વારા થોડાક લોકો મુસાફરી પણ કરી શકે છે, પણ પરિવહન માટે હવાયાન ખૂબ જ અવ્યવહારુ છે. ન તો તેની દિશા બદલી શકાય છે કે ન તો તેની ગતિમાં ફેરફાર કરી શકાય છે. તે તો બસ પવનની ગતિ અને દિશાને અનુસરે છે, પણ મનોરંજન માટે તેનો કોઈ પર્યાય નથી.

હવાને ગરમ કરવાથી તેની ઘનતા ઘટે છે - વજન ઘટે છે તે વાત તો સાચી, પણ હવાના વજનનો આ ઘટાડો ઘણો ઓછો હોય છે. પરિણામે ગરમ હવાની પણ ભાર ઊંચકવાની ક્ષમતા ખૂબ જ ઓછી હોય છે. તેને કારણે ૪૫૦ કિલોગ્રામ (૧૦૦૦ પાઉન્ડ) વજન ઊંચકવા માટે ૧૮,૦૦૦ ઘન મીટર (૬૫,૦૦૦ ઘન ફૂટ) જેવડું વિશાળકાય બલૂન જોઈએ. બલૂનને ઊંચે લઈ ગયા પછી અને ઊંચાઈ પર તરતું રાખવા માટે અંદરની હવાને સતત ગરમ રાખવી જોઈએ. આ માટે જરૂરી ઈંધણ (પ્રોપેન) અને બર્નર સાથે લઈ જવાં પડે છે. બલૂનની નીચે બાંધેલી બાસ્કેટમાં હલકા વજનવાળી ટાંકીમાં પ્રવાહી પ્રોપેન ભરેલો હોય છે. નીચેથી જ્વાળાને વધુ-ઓછી કરીને હવાનું તાપમાન વધુ-

ઓછું કરી શકાય છે. પરિણામે હવાયાન ઊંચે-નીચે થઈ શકે છે. બલૂન નીચેથી ખુલ્લું હોય છે પરંતુ અહીંથી ગરમ હવા બહાર નીકળી જતી નથી. જેમ જેમ ઊંચે જતા જઈએ તેમ તેમ હવા વાતાવરણથી પાતળી થતી જાય છે. પાતળી હવાનું તારકબળ (Buoyant Force) ઓછું હોય છે, જે બલૂનની ઊંચે જવાની ક્ષમતાને મર્યાદિત કરે છે. બલૂન દ્વારા ખસેડાયેલી હવાના વજનના સમ પ્રમાણમાં તારકબળ હોય છે. આ પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે જેમ બલૂનનું કદ વધારે તેમ તેનાથી ખસેડાતી હવા અને તેનું વજન વધારે. એનાથી તારકબળ પણ વધે છે અને બલૂન વધુ ઊંચાઈ સુધી જઈ શકે છે. હવાયાનને નીચે લાવવા માટે ઉપરના ભાગમાં એક વાલ્વ હોય છે. વાલ્વને ખોલવાથી બહારની ઠંડી હવા બલૂનમાં આવે છે અને બલૂન નીચે આવે છે. પવનની દિશાને અનુસરતા બલૂનની દિશા ચાલક બદલી શકતા નથી, પરંતુ વાતાવરણની જુદી જુદી ઊંચાઈએ પવનની દિશા થોડી નોખી હોય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને ચાલક બલૂનને ઉપર-નીચે લઈ જઈને તેનો માર્ગ આંશિક રીતે બદલી શકે છે. કુદરતી પરિબળોને આધારે યાત્રા કરતું બલૂન કોઈ નિર્ધારિત સ્થળે ઉતરાણ કરી શકતું નથી. સમગ્ર માર્ગમાં ઉતરાણ યોગ્ય સ્થળ પર હંમેશાં ચાલકની નજર હોય છે.


**હોટ ઍર બલૂન**

બલૂનને હવામાં તરતા રાખતા તારકબળની ઓળખાણ આપણને ગ્રીસના ગણિતજ્ઞ આર્કિમીડિઝે લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે કરાવી હતી. ૧૯ સપ્ટેમ્બર, ૧૭૮૩ના દિવસે ફ્રાન્સના મોન્ટગોલ્ફિયર (Montgolfier) બંધુએ હૉટ ઍર બલૂનમાં ઘેટાં, બતક અને મરઘીને લગભગ આઠ મિનિટ સુધી હવાયાનની યાત્રા કરાવી હતી. તેમનું બલૂન કાગળનું બનેલું હતું. આ નિદર્શન સમયે ફ્રાન્સના તત્કાલીન રાજા લુઈસ-૧૬ (Louis XVI) ત્યાં હાજર હતા. ત્યાર પછી બે મહિને ભૌતિકશાસ્ત્રી પીલાત્રે દ રોઝીએ બલૂનની યાત્રા કરી, જે આ યાત્રા કરનાર સૌપ્રથમ માનવી છે. ૧૯૬૦ પછી હવાયાન ટૅક્નૉલૉજીમાં ક્રાંતિ આવી. પ્રોપેન બર્નર, બલૂનસામગ્રી અને બલૂનને ફુલાવવાની પદ્ધતિમાં ઘણા ફેરફાર થયા. સલામતી માટે કેટલીક વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી. અરે! વીસ વ્યક્તિઓને સમાવી શકે તેવાં - મોટી બાસ્કેટવાળાં બલૂન પણ બનવા લાગ્યાં. આજના જેટ પ્લેન, હેલિકૉપ્ટર કે સ્પેસ શટલના યુગમાં પણ હૉટ ઍર બલૂને તેની મોહિની જાળવી રાખી છે. તેની વધતી લોકપ્રિયતાએ, તેનાથી થતા પર્યાવરણના નુકસાન પ્રત્યે લાલ બત્તી ધરી છે. સામાન્ય રીતે બલૂનની યાત્રા વધુમાં વધુ એકાદ કલાકની હોય છે. એક કલાકની યાત્રા દરમિયાન હવા કે પછી વાયુને ગરમ કરવા માટે તે લગભગ ૧૦૦ લિટર ગૅસ બાળે છે. આટલા ઈંધણથી તો કાર એક હજાર કિલોમીટરથી પણ વધારે અંતર કાપે છે. આ સમસ્યાના ઉકેલ માટે બલૂનના ગુબ્બારા માટે ખાસ પ્રકારનું કાપડ (સામગ્રી) વિકસાવવામાં આવ્યું છે. આ સામગ્રી સૂર્યપ્રકાશનો ઉપયોગ કરી અંદરની હવાને ગરમ કરે છે જેને લીધે ઈંધણની ઓછી જરૂર પડે અને પર્યાવરણની રક્ષા થાય.

**– ચિંતન ભટ્ટ**

માહિતી

# સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવવું સસ્તું છે

વિશ્વ ઉપરના કુલ પાણીના જથ્થા પૈકી માત્ર ૧.૪ ભાગ પાણી ધરતી ઉપરનું મીઠું પાણી છે અને દોઢ ભાગ પાણીના કુલ હિસ્સામાં ૧.૬ ભાગ પાણી જમીનમાં પડેલું છે ત્યારે પાણી મેળવવાની સમગ્ર કસરત જમીન પાસે અપેક્ષિત રખાય છે. જેમાં આપણી જ્ઞાન તકનીકી મર્યાદા છતી થાય છે.

મીઠું પાણી મેળવવા પૈસાનું પાણી કરવા કરતાં ઈલેક્ટ્રોડાયાલિસિસ મેમ્બ્રેઈન (membrane) તકનીક દ્વારા ડી-સેલિનેશન પદ્ધતિથી ખારું પાણી મૂળથી પકડી ક્ષારને જુદા કરે છે અને ક્ષારરહિત પાણી પાન, ફૂલ અને ફળને પહોંચાડે છે તે મેમ્બ્રેઈન પદ્ધતિ અનુસાર સૂક્ષ્મ છિદ્રોવાળા કાપડના કટકા પ્રકારે મેમ્બ્રેઈન જોડી, ૩૩ હોર્સપાવરની સિંગલ ફેઈસની મોટરથી તેમાં નીચેથી ભાંભળું કે ખારું પાણી દોઢ કિલોના પ્રેશરથી ધકેલવામાં આવે છે. સાથોસાથ સિલિન્ડર મૂકેલા બે કાર્બનરોડ ઉપર એકસાથે પૉઝિટિવ અને નૅગેટિવ પ્રકારે વીજળી અપાતાં પાણીમાં રહેલા સોડિયમ, કૅલ્શિયમ પ્રકારે ઘન ક્ષારો અને ક્લોરાઈડ, સલ્ફેટ પ્રકારના ઋણ ક્ષારો પાણીમાંથી છૂટા પડી જાય છે જે અલગ પાઈપથી બહાર નીકળી જાય છે અને પાણીમાં રહેતા ક્ષારોનું પ્રમાણ પી. પી. એમ. હોવા છતાં ચાર પૈસે ૧ લિટરના ભાવે શુદ્ધ પાણી મળે છે. અઢી ચોરસ ફૂટ જગ્યામાં ગોઠવાઈ જતા ડી-સેલિનેશન (ડોમૅસ્ટિક) પ્લાન્ટની કિંમત પોણો લાખ થાય છે, પરંતુ સોસાયટી કે ફ્લૅટમાં રહેતા શહેરીજનો કે પછી દૂધમંડળી, પંચાયતના સભ્યો ભાગે પડતા પૈસા રોકી એક યુનિટ વસાવે તો દરરોજ ૧૬ કલાક ચાલી શકતા યુનિટ દ્વારા રૂ. ૨૦૦ ખર્ચમાં ૫૦૦ લિટર મીઠું પાણી મળે છે. રોજગારીની તલાશમાં રહેલા યુવકો બૅંક લોન દ્વારા ડી-સેલિનેશન પ્લાન્ટ નાખી દૂધ માફક પુણ્યની કમાઈ કરી શકે છે. ૧ યુનિટ વીજળીના વપરાશમાં ૨૫૦ લિટર મીઠું પાણી તૈયાર થાય છે. વીજળીના અભાવે ૫ લિટરની ટાંકી ધરાવતા નાના ડીઝલ જનરેટરથી કે સોલાર પૅનલ ઉપર કામ કરતા ૭૫૦ કિલો વજનના ડી-સેલિનેશન પ્લાન્ટને ખાદી બોર્ડ દ્વારા માન્યતા અને સબસિડી મળે તો ટૅક્નૉલૉજીનો મર્મ જીવન સાથે જોડી શકાય તેમ મુંબઈ, કૉલકાતા જેવાં મોટાં શહેરોમાં કે વિદેશોમાં રહેતા સુખી લોકો પોતાના વતન માટે આવો એક પ્લાન્ટ વસાવી આપે તો પાણીનું પરબ બંધાવા જેટલું પુણ્ય મળશે.

હૈદરાબાદને સાયબરાબાદ નામ આપવામાં આવ્યું હોવા છતાં, એ જ લૅપટૉપ સિટીમાં ૩૨ % માણસો કૉલેરા, કમળો, ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગોથી પીડિત છે. એટલું જ નહિ, પણ ખેડાથી લઈ પંજાબ સુધીના નહેરના પાણીથી ખેતી કરતા અને યુરિયા પ્રકારના ખાતરનો અતિરેક કરતા ખેડૂતો પણ ક્ષારયુક્ત પાણીના રોગોથી પીડાય છે. તેથી યોજના આયોગ દેશવાસીઓને ઘર-ઘર સુધી શુદ્ધ પાણી અને પ્રદૂષણવિહીન વીજળી મળે તેવા પ્રયત્નમાં પડ્યા છે.

**(અનુસંધાન ૩૦મા પાને)**

# ફરતાં ગગનચુંબી

વિચાર સારો છે. બહુમાળી મકાનોમાં રહેતા લોકો સમયાંતરે નાટકીય બદલાવ ઈચ્છવા માંડે છે. આવા સમયે જો તેમના આવાસ ચારે દિશામાં એક સપાટી પર જ એક ધરી આસપાસ ૩૬૦ અંશ પર ગોળ ફરતા થાય તો બદલાવની સાથે રોમાંચ પણ મળે. બ્રાઝિલના પરાના ક્ષેત્રમાં આ પ્રમાણેનું મકાન ઈ. સ. ૨૦૦૧માં બનાવાયેલું. સ્થપતિ બ્રુનોડે ફ્રાન્કો દ્વારા ડિઝાઈન કરાયેલ આ સ્યુટ વોલાર્ડ નામના મકાનમાં દરેક માળ તેના એલિવેશનના લાંબા પટ્ટામાં પ્રત્યેક મિનિટે આશરે ૬ મીટર જેટલું ફરે છે. આ ઝડપે આ મકાનના પ્રત્યેક માળને એક ૩૬૦ અંશનું ચક્કર પૂરું કરતાં ૩ કલાક જેટલો સમય લાગે છે. જોકે એમ જણાય છે કે ચક્કર મારવાની આ ઝડપ નિયંત્રિત કરી શકાતી હશે - કારણ કે તે પણ એક પ્રકારનો બદલાવ જ ગણાય. ૧૧ માળના આ ટાવરની આ પ્રકારની ચલિતતાને કારણે તે વિશ્વવિખ્યાત તો થયેલ છે પણ સાથે સાથે આ પ્રકારની રચના માટે અન્યને પ્રેરણા પણ મળી છે.

આ પ્રેરણાને પરિણામે જ કદાચ, સ્થપતિ ડેવિડ ફિશરે ઈ. સ. ૨૦૦૮માં ૪૨૦ મીટર ઊંચા ડાયનેમિક - ચલિત ટાવરની કલ્પના કરી હતી. તેના આ સ્વપ્નને પૂરું કરવા તેણે બધાં જ પાસાંને યોગ્ય રીતે ધ્યાનમાં રાખી ગગનચુંબી ઈમારતની રચના કરી જે ઈ. સ. ૨૦૧૦માં પૂર્ણ કરવાની તેની ગણતરી હતી. પણ કમનસીબે આજની તારીખ સુધી પણ કોઈ બાંધકામ શરૂ નથી થઈ શક્યું, અરે આ બાંધકામ માટે સૂચિત સ્થાન પણ નિર્ધારિત નથી કરાયું. અત્યારે તો એમ જણાય છે કે આ રચનાને મૂર્તિમંત કરવા દુનિયાનો કોઈ વિકાસકર્તા તૈયાર નહિ હોય.

છતાં પણ તેની રચના રસપ્રદ છે. આ વિશ્વનું એવું મકાન હશે કે જે બહુમાળી-ગગનચુંબી હોવા ઉપરાંત તેના ૯૦ પ્રતિશત જેટલા પુરજા કોઈ ફેક્ટરીમાં તૈયાર કરાશે. પછી આ પુરજાને મકાનના સ્થાને લાવી તેને સાઈટ પર બનાવાયેલ ૧૦ પ્રતિશત માળખાગત ભાગ સાથે જોડી દેવાશે. આ પ્રકારની ગોઠવણીથી ૪૨૦ મીટર એટલે ૧૪૦ માળને સમકક્ષ બાંધકામ પ્રમાણમાં ઝડપથી પૂર્ણ થાય અને તેમાં ગુણવત્તા પણ સારી જળવાય. આ મકાનના ૪૦ જેટલા ફેક્ટરીમાં બનાવાયેલ પુરજાની વિવિધ પ્રકારની સંભવિત ગોઠવણથી આવાસરચનામાં વૈવિધ્ય પણ આવે. વળી મૂળ માળખાગત રચના માત્ર ૧૦ પ્રતિશત જ હોવાથી તેમાં ભારવાહક વ્યવસ્થા વધુ અસરકારક પણ બનાવી શકાય.

આ મકાનના વપરાશ તથા રખરખાવમાં સૂર્ય તથા પવનઊર્જાનો જ પૂર્ણપણે ઉપયોગ થાય તેવું પ્રાવધાન રખાયું છે. તે ઉપરાંત પણ આ મકાનમાં સર્જાતી ઊર્જા થોડી વધે તેવી સંભાવના પણ દર્શાવવામાં આવી છે. આ મકાનની રચના એ રીતે સૂચિત કરાઈ છે કે તેમાં ગુરુત્વાકર્ષણના બળ સાથે પવનના દબાણની અસર નહિવત્ રહે. મુખ્યત્વે આવાસ માટે સૂચિત આ રચનાનું યાંત્રિક પાસું પણ સબળ છે. આટલા ઊંચા મકાનના માળને ધરી સમાન મુખ્ય માળખાની ચારે તરફ ફેરવવા માટે બળ



ઉપરાંત યાંત્રિક ચોકસાઈ પણ જોઈએ. આ બધું ગોઠવણી મુજબ નિર્ધારિત કરવું પડે.

જટિલતા ઘણી છે પણ વિજ્ઞાન અને ઈજનેરી જ્ઞાન સહાયક હોય તો ક્યાંય વાંધો ન આવે. તે ઉપરાંત આજનું આઈટી ક્ષેત્ર તો આવા બધા પ્રશ્નોના ઉકેલ માટે જ હોય તેમ જણાય છે. જે પ્રકારની ગણતરી પાછળ એક જમાનામાં દિવસો જતા રહેતા તે ગણતરી આજનાં કમ્પ્યૂટરનાં સૉફ્ટવૅર મિનિટોમાં પતાવી દે છે અને તે પણ વધુ ચોકસાઈથી. આ ફરતાં ગગનચુંબી સ્થાપત્ય કળા, ઈજનેરી જ્ઞાન તથા કમ્પ્યૂટરની સહાયતાનાં સમન્વય સમાન છે.

આમ તો સ્થાપત્યની રચના પાછળ સ્થિરતા અગત્યની છે. આજે પણ મકાન થોડું પણ હલે તો માનવી ગભરાઈ જાય. મકાન જે તે સ્થાને સ્થિર અને મજબૂત હોવું જોઈએ. સ્થાપત્યની આવી મૂળ જરૂરિયાત સામે આવાં ચલિત મકાનો નવો રોમાંચ ઊભો કરે. આવાં મકાનો સમાજમાં - વ્યક્તિસમૂહ દ્વારા સ્વીકારાઈ જતાં હોય છે. તેનું મુખ્ય કારણ તેની ચલિતતાનો પ્રકાર અને ઝડપ છે. આ મકાનોનાં જે તે તળ-ફ્લોર એ રીતે નથી ફરતાં કે જેથી તેમાં કોઈ આંચકા આવે કે અન્ય પ્રકારની મુશ્કેલી ઊભી થાય. આ માળની ફરવાની ઝડપ પણ અતિ નિયંત્રિત હોય છે. આપણને રિવૉલ્વિંગ રેસ્ટોરાંનો અનુભવ તો છે જ. આ પ્રકારનાં રેસ્ટોરાંમાં ખાવાનું પડી જતું નથી કે નથી ઢોળાઈ જતું. અહીં જમવામાં પણ અન્ય કોઈ અગવડ નથી પડતી. બધું જ જેમનું તેમ વ્યવસ્થિત થયાં કરે છે. વેઈટરને પણ કંઈ તકલીફ નથી પડતી. બધું જ એમ જ નિયંત્રણમાં રહે છે. આ પ્રકારની રચનામાં તળની ઝડપ યોગ્ય માત્રામાં રહેતી હોવાથી બહારના બદલાતા દૃશ્યને માણવાની મઝા રહે છે.

ફરતાં ગગનચુંબીની રચનામાં યાંત્રિક ગોઠવણ મહત્ત્વની બની રહે છે અને મકાનની રચના મુખ્યત્વે તેનાથી જ નિર્ધારિત થાય છે. આ રચના જ મકાનનો આકાર તથા પ્રમાણમાપ નક્કી કરે છે એમ કહેવાય છે. આ યાંત્રિક ગોઠવણ જ માળખાકીય રચનાને પણ ખાસ અસર કરે છે. ઉપયોગિતા પછી તેમાં ગોઠવાતી જાય છે.

આ પ્રોજેક્ટ, ઘણી સંભાવનાઓ હોવા છતાં હજુ શરૂ પણ નથી થઈ શક્યો તે બાબત પ્રશ્નો સર્જે છે. શું તેની કિંમત ઇચ્છનીય માત્રા કરતાં ઘણી વધી જાય છે ? શું મકાનની મજબૂતાઈ માટે લાંબે ગાળે પ્રશ્નો સર્જાય છે ? શું ચલિત-ફરતી રેસ્ટોરાં ચાલે પણ આવાસ માટે આવી રચના ઇચ્છનીય નથી ? શું આવી રચનાથી ઊભો થયેલ રોમાંચ ઉપયોગકર્તા માટે લાંબો ન ચાલે તેમ જણાય છે ? શું આ પ્રકારની રચનામાં રોકાણને પ્રમાણસર આર્થિક, માનસિક તેમજ સામાજિક વળતર મળવાની સંભાવના માટે પ્રશ્નો છે ?

**— હેમંત વાળા**

# સિટીઝન તો તેને કહીએ...

દર વર્ષે એક વાર ૨૬મી જાન્યુઆરીનો દિવસ અચૂક આવે છે.

૨૬મી જાન્યુઆરીનો દિવસ એટલે ભારતનો પ્રજાસત્તાકદિન. હજુ ઘણાંને પંદરમી ઑગસ્ટનો દિવસ 'સ્વાતંત્ર્યદિન' શા માટે કહેવાય છે અને ૨૬મી જાન્યુઆરીનો દિવસ 'પ્રજાસત્તાકદિન' શા માટે કહેવાય છે, એની ખબર નથી. 'પ્રજાસત્તાકદિન' એટલે ભારતનો 'દીન' (ગરીબ) પ્રજાજન જે દિવસે રૈયતમાંથી નાગરિક બન્યો તે દિન. તા. ૨૬-૧-૧૯૫૦ના દિવસે સ્વતંત્ર ભારતનું પોતાનું બંધારણ અમલમાં આવ્યું અને ભારત 'પ્રજાસત્તાક' રાજ્ય બન્યું. પ્રજાસત્તાક રાજ્ય એટલે ? 'જે રાજ્યમાં સત્તા પ્રજા પાસે હોય, જેમાં પ્રજા સત્તાધીશ હોય એવું રાજ્ય.' ભારતીય નાગરિકને, આ આટલાં વરસોમાં, પોતાની પાસે સત્તા હોય એવો અનુભવ ક્યારેય થયો નથી એટલે એને 'સ્વાતંત્ર્યદિન' અને 'પ્રજાસત્તાકદિન' વચ્ચેનો ફરક ક્યારેય સમજાયો નહીં ! સરકારી નોકરી કરતા નાગરિકોને આ બંને દિવસોએ આનંદ થાય છે, કારણ કે આ બંને દિવસોએ ઑફિસે નથી જવું પડતું. શાળા-કૉલેજમાં ભણવા-ભણાવવા જતા – જોકે વિદ્યાર્થીઓમાંથી બધા વિદ્યાર્થીઓ ભણવા નથી જતા અને શિક્ષકો-અધ્યાપકોમાંથી બધા ભણાવવા નથી જતા, એટલે શાળા-કૉલેજમાં ભણવા-ભણાવવા જતા કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો-અધ્યાપકોને આ બંને દિવસોએ ભણવું-ભણાવવું નથી પડતું, તેથી તેઓ મુક્તિનો આનંદ માણે છે.

'પ્રજાસત્તાકદિન' વિશે આટલી પ્રાથમિક વાત કર્યા પછી ભારતીય નાગરિકનાં લક્ષણો વર્ણવતું મારું એક પ્રતિકાવ્ય રજૂ કરું છું.

સિટીઝન તો તેને કહીએ જે ભીડ ભરાઈ જાણે રે,
પરધક્કે ગડથોલું ખાયે તોયે મનમાં ક્લેશ ન આણે રે;
સકળ લોકમાં સહુ કોઈ પીડે, નહીં સહનશક્તિનો પાર રે,
વરસોવરસ બસ સહન જ કીધું, ધન્ય ધન્ય એનો અવતાર રે.
ભાતભાતના કરવેરા ભરતાં છેડો એનો ના'વે રે,
એક સાંધે ત્યાં તેર તૂટે તોયે ગાડું એ ગબડાવે રે;
વારેફેરે ચૂંટણિયું આવે, એકદી સૌ પડે એને પાયે રે,
આને ચૂંટે કે તેને રે ચૂંટે, તોયે છેવટ છેતરાયે રે.
દરિદ્ર દુર્બળ તેજરહિત છે, મોંઘવારીએ સૌને માર્યા રે,
ભણે 'સાગર' તેનું દર્શન કરતાં આંખેથી આંસુ સાર્યા રે.

હવે આ કાવ્યનો રસાસ્વાદ માણીએ : એક સરેરાશ કવિનું સરેરાશ ભારતીય નાગરિકનાં લક્ષણો વર્ણવતું આ સરેરાશ કાવ્ય છે. સરેરાશનો અર્થ અહીં 'સામાન્ય' એવો છે. એ રીતે આ કાવ્ય સામાન્ય છે. એનો કવિ સામાન્ય છે. (જોકે કવિને તો

અતિસામાન્ય કહેવો હોય તોય કહી શકાય એમ છે.) આ કાવ્ય પણ કાવ્યગુણની દૃષ્ટિએ સામાન્ય જ કહેવાય એવું છે. પણ પ્રજાસત્તાકદિન નિમિત્તે લખાયું છે, એટલે પ્રાસંગિક રચનાની રીતે આપણે એને સારું કાવ્ય પણ ગણી શકીએ.

આ કાવ્યમાં ભારતીય નાગરિકનાં - સિટીઝનનાં લક્ષણો વર્ણવાયાં છે, પણ આ સિટીઝન સરેરાશ સિટીઝન છે. કેટલાક સિટીઝનો વિશિષ્ટ સિટીઝનો હોય છે. જેમ કે ગવર્નરો, પ્રધાનો, ધારાસભ્યો, સંસદસભ્યો, મ્યુનિસિપલ કૉર્પોરેશનોના મેયરો, નગરપાલિકાના પ્રમુખો, ગ્રામપંચાયતોના સરપંચો વગેરે. કેટલાક અતિવિશિષ્ટ નાગરિકો પણ છે. જેમના બાહુબળે કેટલાક વિશિષ્ટ નાગરિકો ચૂંટણી જીતે છે. આ અતિવિશિષ્ટ નાગરિકો બિહારમાં સૌથી મોટી સંખ્યામાં છે પણ ઓછાવત્તા પ્રમાણમાં ભારતના દરેક રાજ્યમાં છે. બિહાર અને ઉત્તરપ્રદેશ જેવાં રાજ્યોમાં તો આ અતિવિશિષ્ટ નાગરિકો પોતે જ ચૂંટણી લડે છે, (બૅલેટ અને બુલેટ બંનેથી લડે છે) અને જીતે પણ છે. એમાંથી કેટલાક પ્રધાનપદ પણ પામે છે. આ બધા ઉચ્ચ કક્ષાના નાગરિકો વિશેષ અધિકારો ભોગવે છે. ભારતના બંધારણ પ્રમાણે ભારતના બધા નાગરિકો સમાન છે, પણ ખરેખર જોતાં કેટલાક નાગરિકો એક અંગ્રેજ લેખક કહે છે તેમ વધુ સમાન છે. ઉચ્ચ કક્ષાના નાગરિકો વધુ સમાન કેવી રીતે છે એ જાણવું હોય, તો ગવર્નરની - પ્રધાનોની શાહી સવારી નીકળે એ દૃશ્ય જોવું. આ મહાનુભાવોની ઝબક ઝબક થતી લાઈટોવાળી મોટરો નીકળે ત્યારે સરેરાશ નાગરિકોએ એમને રસ્તો કરી આપવો પડે છે. બાળવાર્તાઓમાં રાજાની ભવ્ય સવારીનાં વર્ણનો આવે છે. રાજાઓ ગયા, એમનાં સાલિયાણાંય ગયાં, પણ ભારતના ભાવિ નાગરિકોને - બાળકોને બાળવાર્તાઓમાં આવતાં શાહી સવારીનાં વર્ણનો સમજવામાં મુશ્કેલી ન પડે એ માટે સ્વાતંત્ર્ય પછી પણ ઉચ્ચ કક્ષાના નાગરિકોની શાહી સવારીઓ ટકાવી રાખવામાં આવી છે.

હવે આપણે કાવ્યમાં વર્ણવાયેલાં સરેરાશ નાગરિકનાં લક્ષણોની વાત કરીએ. સરેરાશ ભારતીય નાગરિક બધો સમય બધી રીતે ભીડ ભોગવી રહ્યો છે. શહેરમાં રહેતા નાગરિકો રસ્તા પરની ભીડમાં ભીંસાય છે. શહેરની ફૂટપાથો તો ખાલી નથી હોતી એટલે એમણે રસ્તા પર ચાલવું પડે છે. રસ્તા પર વાહનો પણ ચાલતાં હોય છે. શહેરમાં વસતા નાગરિકોને તાલીમ આપી હોય તો વિઘ્નચાલની રમતમાં આપણા નાગરિકો વિશ્વકક્ષાની ઑલિમ્પિક્સ સ્પર્ધામાં બધા જ સુવર્ણચંદ્રકો જીતી લાવે ! સરેરાશ ભારતીય નાગરિક સ્વતંત્રતા મળી ત્યારથી આર્થિક ભીડ તો ભોગવી જ રહ્યો છે. આમ રસ્તા પરની ભીડ, રેલવેની ભીડ, બસની ભીડ તેમજ આર્થિક ભીડમાં આપણો નાગરિક ભીંસાઈ રહ્યો છે અને આમથી તેમ ગડથોલાં ખાઈ રહ્યો છે. પણ જિંદગીભર ગડથોલાં ખાવા છતાં આપણો સરેરાશ ભારતીય નાગરિક મનમાં સહેજે ક્લેશ નથી કરતો. કર્મનો સિદ્ધાંત એને ગળથૂથીમાંથી જ મળેલો છે. એ બીજાનાં કર્મોથી દુઃખી થતો હોવા છતાં એમ માને છે કે મારાં પૂર્વજન્મનાં કર્મોને કારણે જ હું દુઃખી છું. એટલે સૌ એને પીડી રહ્યા છે. પણ ભારતીય નાગરિક જેનું નામ ! એ સાક્ષાત્ સહનમૂર્તિ છે. એણે બસ સહન જ કર્યું છે. ચૂં કે ચાં એકેય શબ્દ એના શબ્દકોશમાં નથી.

સરેરાશ ભારતીય નાગરિકે કરવેરા ભરવા જ જાણે જનમ ધારણ કર્યો હોય એવું લાગે છે. ઉછીના પૈસા લઈને આવકવેરો ભરતા નાગરિકો કેવળ ભારતમાં જ જોવા મળે છે. ભારતમાં શેના પર કર નથી એ શોધી કાઢવાનું મુશ્કેલ છે. જેના પર કર ન હોય એવી માત્ર બે જ બાબતો મારા ધ્યાન પર આવી છે : શ્વાસ લેવા પર અને રસ્તે ચાલતી વખતે હાથ હલાવવા પર. એકવીસમી સદીમાં શ્વાસ લેવા પર કર નાંખવામાં આવે, તો નવાઈ નહીં લાગે. લોકો જાહેર રસ્તાઓનો ઉપયોગ કરે છે, એ કારણે રોડ ટૅક્સ ભરે છે એ રીતે ઘરમાં શ્વાસ કદાચ મફતમાં લઈ શકાશે પણ જાહેરમાં શ્વાસ લેવા માટે કર ભરવો પડશે. પ્રાણાયામ શીખ્યા હોય એવા નાગરિકોને શ્વાસકરમાં વીસ ટકા રાહત આપવામાં આવશે. શહેરના નાગરિકો શ્વાસમાં પેટ્રોલ, કેરોસીન વગેરેનો ધુમાડો પણ લે છે. રાષ્ટ્રની માલિકીની આ કીમતી ઊર્જા અત્યારે એને શ્વાસમાં મફત મળે છે પણ શ્વાસ પર ટૅક્સ નખાશે તો શહેરના નાગરિકોએ ઊંચા દરનો શ્વાસવેરો ભરવો પડશે. રસ્તા પર ચાલતી વખતે હાથ હલાવવા પર કર નખાશે તો વહેલી સવારે ફરવા જનારાંઓએ આ વેરો સૌ કરતાં વધુ ભરવો પડશે. સ્વતંત્રતા પછી નાગરિકોને રડવા માટેની ભરપૂર તકો મળે છે, પણ હસવા માટેની તકો ખાસ મળતી નથી. એટલે હસવા પરના કરવેરામાંથી સરકારને ખાસ આવક થાય એવી શક્યતા ન હોવાને કારણે હાસ્યવેરો નાંખવામાં આવ્યો નથી. પણ લાફિંગ ક્લબો વધતી જશે, તો આવી ક્લબોના સભ્યો પર લાફિંગ ટૅક્સ નાંખવામાં આવે કદાચ. ટૂંકમાં, કરવેરાની જ્યાં જગ્યા છે ત્યાં કર નાંખવામાં આવ્યા છે અને આવશે. ભારતનો સરેરાશ નાગરિક એક સાંધે ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિમાં જીવતો આવ્યો છે. આમ છતાં એનું ગાડું ગબડ્યે જાય છે, એ જગતની અગિયારમી અજાયબી છે.

હમણાં હમણાંથી ભારતીય નાગરિકોને ચૂંટણીયોગ બહુ આવે છે. ચૂંટણીના દિવસોમાં એ સરેરાશ નાગરિક મટી ઉચ્ચ કક્ષાનો નાગરિક બની જાય છે. ભલભલા ખેરખાંઓ એની કાકલૂદી કરતા આવે છે. આખી બાજી એના હાથમાં હોય છે. 'કૈસે કૈસે' ને - 'ઐસે વૈસે' કરી નાંખવાની શક્તિ એનામાં પ્રગટે છે. પણ ચૂંટણી ગયા પછી એની સ્થિતિ પાછી એની એ થઈ જાય છે. એને ખબર પડી ગઈ છે કે બધા પક્ષોના માણસોનાં બ્લડગ્રૂપ જુદાં જુદાં છે પણ એમના લોહીનો રંગ સરખો જ છે ! એટલે આને ચૂંટે કે તેને ચૂંટે, એની સ્થિતિમાં ખાસ ફરક પડતો નથી.

મોંઘવારીનો માર ખાઈખાઈને ભારતીય નાગરિક સાવ તેજ વગરનો થઈ ગયો છે. આવા ભારતીય નાગરિકોનું દર્શન કવિની આંખમાં આંસુ લાવી દે છે. કવિ પોતે પણ આ નાગરિકોમાંનો એક છે એટલે એ તો અરીસામાં પોતાનું મોઢું જુએ છે ત્યારેય એની આંખમાં આંસુ આવી જાય છે.

આ હાસ્યરસનું કાવ્ય હોય એવું લાગે છે, પણ કરુણરસનું કાવ્ય કહેવું હોય તોય કહી શકાય. ભારતીય નાગરિકે રડવાની દરેક વાતમાંથી હસવાનું ખોળી કાઢવાનું શીખવું પડશે – જો જીવવું હોય તો.

**– રતિલાલ બોરીસાગર**

# ખુશી વહેંચતી ફિફ



ફિફ ફર્નાન્ડીઝ

કોઈ હૉસ્પિટલમાં તમે જાઓ અને ત્યાં દર્દીની આસપાસ કોઈ જોકર કે વિદૂષકના પહેરવેશમાં કોઈ વ્યક્તિ હરતીફરતી મળે તો આશ્ચર્ય ન પામશો ! એનું નામ છે ફિફ ફર્નાન્ડીઝ. જેવું નોખું નામ, એવું જ અનોખું એનું કામ ! તાન્ઝાનિયામાં જન્મેલી અને કૅનેડામાં મોટી થયેલી ફિફે યુનિવર્સિટી ઑફ કેલગરીમાંથી નાટકના વિષયમાં પદવી પ્રાપ્ત કરી છે. અમેરિકાની હ્યુમર એકૅડેમીની સ્નાતક છે અને સાથોસાથ તે લાફ્ટર યોગની શિક્ષિકા પણ છે. ફિફ છેલ્લાં પચીસ વર્ષોથી ડૉક્ટર, નર્સ, સામાજિક કાર્યકર્તાઓ, કૉર્પોરેટ જગતના સીઈઓ, બાળકો અને વૃદ્ધો – એ સહુને જીવનમાંથી ખુશીઓનો-ગમતાનો ગુલાલ શોધવાનું શીખવી રહી છે. ફિફની માતા નાટક અંગે શિક્ષણ આપતી અને પિતા જોકરનું કામ કરતા હતા. ફિફ નાની હતી, ત્યારે તેનાં કાકી સાથે રોજ હૉસ્પિટલ જતી અને તેને દર્દીઓ અને કુટુંબીજનોને ખુશ રાખતાં જોતી. જ્યારે બીજાં કાકી ખ્રિસ્તી સાધ્વી હતાં, જે રક્તપિત્તિયા અને અનાથોની સેવા કરતાં. તેઓ ત્યાં રહેતા લોકો માટે કઠપૂતળી બનાવતાં અને વિદૂષક બનીને તેમને ખુશ કરતાં.

ફિફ કહે છે કે, 'આ બધાંની વિશેષતાઓનો ઉપયોગ મેં મારા કામ માટે કર્યો. જોકે ત્યારે મને એવો ખ્યાલ પણ નહોતો કે આ બાબતોને હું વ્યાવસાયિક રૂપ આપીશ. ઈ. સ. ૨૦૦૦માં જ્યારે 'થૅરપ્યૂટિક ક્લાઉનિંગ'ને વ્યવસાય રૂપે અપનાવ્યું, ત્યારે તે આવતી કાલની વાત હતી. આજે તો થૅરપ્યૂટિક કે મેડિકલ ક્લાઉનિંગ એક જાણીતો વ્યવસાય બની ચૂક્યો છે. જોકે ભારતમાં હજી તે એટલો વિકસ્યો નથી.

ફિફ ફર્નાન્ડીઝ અને એમના પતિ હેમિશ બોયડે ઇઝરાયલમાં તાલીમ લીધી છે. તેઓ મેડિકલ ક્લાઉનિંગ, લાફ્ટર થૅરપી વગેરેના કોર્સ તૈયાર કરે છે અને એને લગતા સેમિનાર અને વર્કશૉપનું આયોજન કરે છે. તણાવમુક્તિ અને મનની શાંતિ પ્રાપ્ત કરવા માટે કેવી રીતે મનનું સંતુલન સાધવું તે સમજાવે છે. આને માટે તેઓ આફ્રિકા, એશિયા, યુરોપ અને નૉર્થ અમેરિકાના ઘણા દેશોમાં મુસાફરી કરી ચૂક્યાં છે. ટી.વી. અને સ્ટેજની કલાકાર, ડાયરેક્ટર, પ્રોડ્યૂસર, રાઈટર અને ઍક્ટર એવી ફિફને એના કાર્યને બિરદાવતા ઘણા પુરસ્કારો મળ્યા છે. ફિફને ભારત માટે અત્યંત પ્રેમ છે.

૧૯૭૯થી ૧૯૮૧ દરમિયાન તેણે ચેન્નાઈની સ્ટેલા કૉલેજ દ્વારા ગ્રામવાસીઓ, ઝૂંપડપટ્ટી કે અનાથાશ્રમમાં રહેતા લોકો માટે ઘણા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ૨૦૧૨માં તેઓ એના પતિ હેમિશ બોયડ સાથે પુદુચેરીના ઓરોવિલેમાં આવ્યાં છે. અહીં એમણે મેડિક્લાઉન એકેડેમી(MediClown Academy)ની સ્થાપના કરી છે, જેને યુનેસ્કોએ સમર્થન આપ્યું છે. અરવિંદ આઈ હૉસ્પિટલમાં ફિફ અને હેમિશ ડૉક્ટરો સાથે કામ કરે છે.

એક વખત પુદુચેરીમાં ભયાનક અકસ્માત થયો હતો. એમાં એક વ્યક્તિને પગે અને જડબા પર ખૂબ વાગ્યું હતું. એ હમેશાં ઉદાસ રહેતો હતો. એણે ઘણાં અઠવાડિયાંથી બ્રશ નથી કર્યું એમ કહીને ફિફે એને મોટું બ્રશ આપ્યું અને હસી પડ્યો. એને ક્લાઉનનું લાલ રંગનું નાક અને મોટાં ચશ્માં આપ્યાં. પછી તેનો ફોટો પાડ્યો અને ત્યાં લગાવ્યો. માત્ર તેને જ નહીં, તેના પરિવારજનો અને હૉસ્પિટલના અન્ય દર્દીઓને પણ ખૂબ આનંદ આવ્યો. ફિફ કહે છે કે, 'હું ઘણી વ્યક્તિઓને ખુશ રહેવાની અદ્‌ભુત કલા શીખવી ચૂકી છું. એના માટે હું ગાઉં, નૃત્ય કરું, વાર્તા કહું, સંગીત સંભળાવું, થોડાક જાદુના ખેલ પણ કરું. ચિત્રવિચિત્ર અવાજો કરું, જે લોકોને બહુ ગમે છે.'

ફિફ માને છે કે હૉસ્પિટલમાં ગંભીર અને ઉદાસીન વાતાવરણ ન હોવું જોઈએ. મેડિકલ ક્લાઉનિંગ દ્વારા હાસ્ય અને મોજમસ્તીથી તે વાતાવરણને હળવું કરી નાખે છે. તે કહે છે કે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય હંમેશાં હાથમાં હાથ નાખીને એકસાથે ચાલે છે. એ બે વચ્ચેનું અંતર તે આના દ્વારા ઘટાડવાનો પ્રયત્ન કરે છે. પોતાની જાતને ફિફ (Fif) અર્થાત્ ફન, ઈન્ટેલિજન્ટ અને ફીમેલ તરીકે ઓળખાવે છે. તે કહે છે કે દરેક વ્યક્તિની અંદર વિદૂષક રહેલો છે. નાની નાની વાતમાં ખુશી શોધીને આનંદમાં રહેવું જોઈએ અને એનાથી આત્મવિશ્વાસ વધારવો જોઈએ.

૯૪ વર્ષની વ્યક્તિ જે પોતાની યાદશક્તિ ગુમાવી બેઠી હતી, તેને ફિફે ડાન્સ કરવા નિમંત્રણ આપ્યું તો તરત જ તૈયાર થઈ ગઈ. હેમિશ બોયડ અને ફિફના ક્લોનનું નામ છે ડૉ. પાપાદુમ અને પાપાદી. મેડિકલ ક્લોનિંગ એ કોઈ રોગનો ઉપચાર નથી, પરંતુ દર્દીઓનું દર્દ હળવું કેવી રીતે થાય તેનો પ્રયત્ન છે. હાસ્ય અને હકારાત્મક વિચારસરણી દર્દીને બીમારીમાંથી ઝડપથી બહાર લાવે છે તેવું મેડિકલ સાયન્સ પણ સંશોધનના આધારે સ્વીકારે છે.

આજે ભારતમાં મેડિકલ-ક્લોનિંગના ક્ષેત્રમાં જાગૃતિ ઓછી છે અને તેની અપાર શક્યતાઓને ઓળખવી જોઈએ એવું આ વિષય પર 'ધ હોપ ડૉક્ટર્સ' નામની ફિલ્મ બનાવનાર દિયા બેનરજીનું માનવું છે. આજે ફિફ અને હેમિશ બંને ઓરોવિલે અને ચેન્નાઈ હૉસ્પિટલમાં વ્યસ્ત છે. ફિફ સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીઓ માટે ક્લાઉનિંગ મૉડલ તૈયાર કરવા માગે છે. ફિફ કહે છે કે, 'મારું કામ આશા ઉત્પન્ન કરવાનું છે.'

**– પ્રીતિ શાહ**

પ્રકલ્પ

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) સુરેશ સોની :**

શ્રી સુરેશ સોનીએ સંકલ્પ કર્યો છે કે તેઓને પંચોતેર વર્ષ થયાં ત્યારથી તેઓ પોતાનું સેવા-કેમ્પસ છોડીને ક્યાંય બહાર જશે નહીં. વાત માન્ય, પણ અમારે તો અસ્મિતા વિશેષ સંવાદમાં તેમની સેવા-જીવન-યાત્રા અંગે સંવાદ કરવો જ હતો અને એટલે અમે તો કેમેરા-લાઇટ્સ લઈને ઊપડ્યા તેમના નિવાસ કમ સેવાક્ષેત્રે...રક્તપિત્ત ધરાવતા લોકોનું એક આખું નગર ! અદ્‌ભુત કાર્યનાં દર્શન થવાનાં હતાં, તેની તો ખાતરી જ હતી, પણ અમે શ્રી સુરેશભાઈ સાથેના સંવાદથી જાણે અવાચક જ થઈ ગયા ! આવો, તેના થોડા અંશો જાણીએ :

'મારો જન્મ ૧૯૪૪માં નર્મદાકિનારે સિનોર ગામમાં થયો. એ ગામથી એક-બે કિમી. આગળ માલસર ગામ પૂજ્ય ડોંગરેજી મહારાજને કારણે પ્રસિદ્ધ છે. મારા પપ્પાને અમે મોટાભાઈ કહીને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી બોલાવતા અને મારાં માતુશ્રીને અમે બધા સાનીબા કહેતાં. મારા દાદા વહેલા ગુજરી ગયેલા એટલે મારા પિતાશ્રી હરિલાલભાઈને ચૌદ-પંદર વર્ષની ઉંમરે ભણવાનું છોડી, એમના પિતાની સોનાચાંદીની દુકાનમાં બેસવાનું થયું. એ દુકાનમાં બેઠા અને ધંધો ચાલવા માંડ્યો. બે-એક વર્ષ પછી એક દિવસ એમને ઓચિંતો વિચાર આવ્યો. એ જમાનામાં એવું હતું કે તમે પાંચ ગ્રામ સોનું આપો છો અને અમે તમને દાગીના પાછા આપીએ ત્યારે પાંચ ગ્રામ વજન કરીને આપવાનું. તમારે મજૂરીના પૈસા આપવાના. પણ એકલા સોનાના દાગીના કોઈ દિવસ થાય નહીં એટલે એમાં તાંબું તો ઉમેરવું જ પડે. આથી પાંચ ગ્રામની સામે પાંચ ગ્રામ આપીએ એટલે જેટલું તાંબું ઉમેરાયું એટલું સોનું અમને મળ્યું ! એમના મનમાં વિચાર આવ્યો કે ભલે આખી દુનિયામાં આ બધું ચાલે અને તે કાયદેસર પણ ગણાય છે, પણ આ નૈતિક રીતે બરાબર નથી. એટલે એમણે સંકલ્પ કર્યો કે હું આવું નહીં ચલાવી લઉં. એમની મહાનતાનો થોડોઘણો વારસો મારામાં આવ્યો. એમણે જે નિર્ણય કર્યો તે, તે દિવસથી નહીં, પણ અગાઉની તારીખથી અમલમાં મૂક્યો. તેમણે ગણતરી કરી કે હું દુકાનમાં બેઠો, ત્યારથી આજ સુધી આવું હું કેટલું કમાયો એનો હિસાબ કર્યો. અને પછી ધીમે ધીમે એટલા પૈસા બચાવ્યા અને અમારા ઘરની નજીક રામજી મંદિર હતું ત્યાં દાગીના કરીને ભેટમાં આપી આવ્યા અને જીવનભર એ પ્રામાણિકતાથી જીવ્યા.

અમે સાત ભાઈબહેનો, એમાં હું સૌથી નાનો. આજે મને ૭૮મું વર્ષ ચાલે છે એટલે તમે કલ્પના કરી શકો કે કયા જમાનાની આ બધી વાતો છે. એમણે એ જમાનામાં પગે ચાલીને નર્મદાની પરિક્રમા કરેલી. તે વખતે હું સિનોરમાં પ્રાથમિક શાળામાં, પણ પિતાશ્રી માંદા પડ્યા એટલે એમને થોડી મદદ થાય એ હિસાબે હું બે-ત્રણ મહિના વડોદરા આવીને રહ્યો. ભાઈને ઘરે હું રહેવા આવ્યો અને તે વખતે એમને થોડી મદદ કરું, પણ એમણે તે વખતે મને ગણિત પાકું કરાવડાવ્યું. એને કારણે છેવટે હું એમ.એસસી. વિથ મૅથેમૅટિક્સ થયો અને વડોદરા યુનિવર્સિટીમાં મૅથેમૅટિક્સનો અધ્યાપક થયો. અમારા ગણિતશિક્ષકે ભણાવતાં ભણાવતાં ક્યારેક આડવાત કરી હશે કે આપણે માણસ છીએ, તો આપણે માણસો માટે કશુંક તો કરવું જોઈએ. ભગવાનની કૃપાથી આ વાત મારા મગજમાં ઊતરી ગઈ. કશું કરવું છે એ વિચાર કરવા માંડ્યો, શું કરવું છે એ કશું સૂઝતું નહીં. એ જમાનાનું ઓલ્ડ એમ.એસસી. થયો અને મેં નોકરી સ્વીકારી લીધી. પણ મારા મનમાં બહુ સ્પષ્ટ હતું કે જ્યારે મારું મનગમતું ક્ષેત્ર મળે ત્યારે નોકરી છોડી દેવી. શોધ ચાલુ હતી. આ ૧૯૬૬ની વાત. ૧૯૬૬થી ૧૯૭૦માં હું નાનાં નાનાં કામો કરતો. દા. ત., વડોદરા એચસીજી હૉસ્પિટલમાં અઠવાડિયામાં એક દિવસ જવાનું ને કોઈને કાગળ લખવો હોય તો લખી આપવાનો, કોઈને ખાવું હોય તો લાવી આપવાનું, કોઈ બેચાર મહિના હૉસ્પિટલમાં જ રહેવાનું હોય તો એને મનગમતી ચોપડીઓ લાવીને વાંચવા આપવાની અને રજા પડે ત્યારે ચોપડી પાછી લઈ આવવાની. ૧૯૭૦માં વડોદરામાં સરકારી લૅપ્રસી હૉસ્પિટલ હતી. એનું નામ અનસૂયા લૅપ્રસી હૉસ્પિટલ. એક જમાનામાં એવું કહેવાતું હતું કે અત્રિ ઋષિને રક્તપિત્ત થયેલો, ત્યારે અનસૂયામાએ માટી લગાડીને એ રોગ મટાડ્યો હતો એથી એ નર્મદાકિનારે ગામનું નામ પણ અનસૂયા. વળી માટીથી રોગ મટાડ્યો હતો એટલે એ જમાનામાં વડોદરાની ગાયકવાડ સરકારે ત્યાં લૅપ્રસી હૉસ્પિટલ ઊભી કરેલી અને એનું નામ પાડેલું અનસૂયા લૅપ્રસી હૉસ્પિટલ. અહીં મારા મિત્રનો બનેવી કમ્પાઉન્ડર. અમે લોકો પંદર દિવસે ભેગા થઈને પિકચર જોવા જઈએ અને કોઈકને ઘરે જઈને ટોળાં-ટપ્પાં કરીએ. ૧૯૭૦માં મને વિચાર આવ્યો કે આપણે એને ઘરે જઈએ છીએ, જ્યાં હૉસ્પિટલમાં એનું ક્વાર્ટર છે પણ હૉસ્પિટલ તો આપણે જોઈ જ નથી. એટલે થયું કે ચાલો, હૉસ્પિટલ જોઈએ. અને હૉસ્પિટલ જોઈ ખાટલે ખાટલે ફર્યા, ત્યારે થયું કે આ કામ તો કરવા જેવું છે. ૧૯૭૦ની વાત. ત્યારે મારી દીકરી પણ ત્રણ-ચાર મહિનાની હતી. એકાદ મહિના પછી રક્ષાબંધનનો તહેવાર આવતો હતો. અમદાવાદમાં સદ્‌વિચાર પરિવાર નામની સંસ્થા અને એનો હું સભ્ય હતો. અમે વડોદરા સેન્ટ્રલ જેલમાં રાખડી બાંધવા જતા, આથી મને વિચાર આવ્યો કે લૅપ્રસી હૉસ્પિટલમાં આવનારા એક વખત ઘર છોડે પછી પાછા ઘરે જતા નથી. મહિના પછી રક્ષાબંધન આવે છે, તો આપણે ત્યાં જઈને રક્ષાબંધન કરીએ. આથી અમે ગયા, રાખડી બાંધી. પછી મેં પૂછ્યું, ‘હું તમને કેવી રીતે મદદરૂપ થાઉં ?’ ત્યાં એક ભાઈએ કહ્યું કે, ‘સુરેશભાઈ, તમારી મદદની જરૂર અહીં હૉસ્પિટલમાં નથી. અહીંથી આ લોકો

પાછા ઘરે જઈ શકવાના નથી. બહાર નીકળીને એમણે ભીખ માંગવી ન પડે તેવું કશુંક કરો.' શરીર પરના જખમ કરતાં દિલ પરના એમના જખમ વધારે હતા. ત્યાં અમે કામ શરૂ કર્યું. થોડા વખતમાં મારી પત્ની ઈન્દિરા પણ ત્યાં આવતી થઈ. લોકોનું માથું ઓળી આપે. કોઈ એમ કહે, 'મારે આજે શીરો ખાવો છે' - તો ઘરેથી શીરો લાવીને ખવડાવે. અને આમ, અમારો સેવાયજ્ઞ શરૂ થયો અને મેં મૅથ્સના પ્રોફેસરની નોકરી છોડી દીધી. આજે તો રક્તપિત્ત અને મંદબુદ્ધિના લોકોનું એક આખું નગર અહીં અમે વસાવ્યું છે. અહીં સૌ સ્વતંત્ર છે અને છતાં સૌ સાથે છીએ.'



**(૨) લૉર્ડ ભીખુ પારેખ :**

વિશ્વસ્તરે પ્રખર વિચારક અને જનમતપ્રહરી તરીકે વિદેશમાં વસતા લૉર્ડ ભીખુ પારેખને સહુ ઓળખે છે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર, ગુજરાતની અગ્રિમ એવી શ્રી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના યશસ્વી પૂર્વ-કુલપતિ અને લંડનના 'લૉર્ડ ઑફ હાઉસ'ના મનોનિત સદસ્ય પ્રા. ડૉ. લૉર્ડ ભીખુ પારેખ સાથે એમના વડોદરાના નિવાસસ્થાને દીર્ઘ સંવાદ કરવાનો લ્હાવો મળ્યો. એ દીર્ઘ સંવાદમાંથી તેમનાં બાળપણનાં સ્મરણોને વાગોળીએ. એ યાદ રહે કે આ લેખ તો એક મહાઆરતીની આચમની સ્વરૂપ છે, આપે તેમની સાથેનો પૂરો સંવાદ માણવો રહ્યો.

પ્રશ્ન : ખાસ આપની પાસેથી આપના એંસી વર્ષના જીવનસંઘર્ષની વાત જાણવી છે. જરા વિગતે કહેશો ?

હળવું સ્મિત વેરીને લૉર્ડ બોલ્યા : મારી જિંદગીના આઠ દાયકા વિશે આજે ટૂંકમાં કહું તો, મારો જન્મ અમલસાડ ગામમાં થયો હતો. નાનકડું ગામ. એક સ્કૂલ, એમાં હું ભણ્યો. ૧૫ વર્ષની ઉંમરે મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયો. હવે શું કરવું ? મારા પિતાને સોનીનો ધંધો. દાગીના બનાવવા અથવા કોઈને ઘડી આપવા. અમારા કુટુંબમાં કોઈ વધુ ભણેલું નહીં. કુટુંબમાં મૅટ્રિક સુધી ભણેલો હું પહેલો. એટલે પિતાજીએ મને કહેલું કે, 'હવે તારે આગળ ભણવાની જરૂર નથી, તું સોનીના ધંધામાં આવી જા.' મેં કહ્યું, 'મને આ ધંધો એટલો બધો પસંદ નથી. તમને આટલી બધી મહેનત કરતા જોઉં છું ત્યારે મને થાય છે કે આ મહેનત મારે નથી કરવી. એ સમજી ગયા. હું આગળ ચાલ્યો. કૉલેજમાં ગયો. ક્યાં જવું ? બાજુમાં નવસારી છે, ત્યાં જવું કે દૂર મુંબઈ છે ત્યાં જવું ? મારો આગ્રહ હતો કે મુંબઈ જઈએ. એક પગલું લેવું જ છે તો જબરજસ્ત પગલું લેવું જોઈએ. આથી મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગયો અને અહીં મેં બી.એ. કર્યું. એ પાસ કર્યા પછી મને થયું કે હવે તો બૅન્કના ક્લાર્ક જેટલી જ લાયકાત તો મેં મેળવી

હશે. ત્યારે મારા પ્રોફેસર હતા એમણે કહ્યું કે, ‘ના, પારેખ, તું અહીંયાં ના અટકી શકે. એમ.એ. કર.’ તો એમ.એ. કર્યું. એ કર્યા પછી મને થયું બસ, હવે માસ્તરગીરી છે, લેક્ચરર થઈશ. કૉલેજમાં મારાં શિક્ષિકા હતાં ઉષાબહેન મહેતા, ગાંધીજીની લડતમાં ભાગ લેતાં હતાં, એમણે કહ્યું કે, ‘તમે અહીંયાં અટકી ના શકો. Ph.D. કરવું પડશે.’ Ph.D. એટલે શું એ ખ્યાલ પણ નહોતો. અને એ પણ પાછું અહીંયાં નહીં, લંડનમાં! મેં કહ્યું, ‘ગામડાનો છોકરો અને લંડન ? મારા ફાધર સોનીનો ધંધો કરે, થોડાઘણા પૈસા બચાવ્યા હશે અને એ મારે પરદેશમાં વાપરી નાખવાના !’ ‘ના, તારામાં શક્તિ છે, તારે જવું પડશે.’ જેટલો એમને મારામાં વિશ્વાસ હતો એટલો મને મારી જાતમાં નહોતો. એમણે આગ્રહ કર્યો અને હું લંડન ગયો. અને પછી તો આખું જીવન બદલાતું ગયું. ચાર વર્ષ માટે Ph.D. કરવા ગયો હતો ને ત્રણ વર્ષ સુધી કર્યું એટલામાં તો મને નોકરી આપી. યુનિવર્સિટીમાં જ પહેલી નોકરી અને પછી હાર્વર્ડ યુનિવર્સિટીએ મને નોકરી આપી, જે યુનિવર્સિટી સારી ગણાય અને મારું ડિપાર્ટમેન્ટ પૉલિટિક્સનું હતું એ દુનિયામાં અને ખાસ કરી બ્રિટનમાં સારામાં સારું ડિપાર્ટમેન્ટ ગણાતું હતું, ત્યાં મને નોકરી આપી અને હું અત્યાર સુધી કામ કરતો રહ્યો. આમ મારું જીવન એટલે ૧૯૬૪માં હાર્વર્ડ યુનિવર્સિટીમાં ગયો અને આજે ૨૦૨૨માં હું ત્યાં જ છું. જોકે યુનિવર્સિટી જોડે મારા સંબંધો ૨૦૦૦ની સાલમાં પૂરા થયા, કારણ કે નિવૃત્તિની ઉંમરે પહોંચ્યો હતો. એ જ વર્ષમાં મને બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર ટોની બ્લેરે ‘હાઉસ ઑફ લૉર્ડ્ઝ’માં ઍપૉઇન્ટ કર્યો, એટલે લંડન જવાનું થયું. હાલ બે કામ કરી રહ્યો છું. પુસ્તકો લખવાં અને પાર્લમેન્ટમાં પબ્લિક લાઈફમાં જે કંઈ મહત્ત્વના પ્રશ્નો હોય, એના પર બોલવું. લ્યો, આ આખી યાત્રાનો સાર. જે ૮૦ વર્ષની યાત્રા તમે કહો છો તેનું આ સ્કૅલિટન સ્ટ્રક્ચર.

પ્રશ્ન : આપનું નામ ‘ભીખુ’ શા માટે રાખ્યું હશે ?

ફરી એક વાર હળવું હાસ્ય કરીને ‘ભીખુ’ નામધારી બુઝુર્ગ બોલ્યા : એમાં મોટો ઈતિહાસ છે કે મારું નામ ભીખુ ક્યાંથી આવ્યું. મારી આગળનાં જે સંતાનો હતાં, એ બધાં ગુજરી ગયેલાં. જન્મ્યાં અને ત્રણ, ચાર, છ મહિના કે એક વર્ષમાં ત્રણ સંતાનો એટલે કે બે છોકરા અને એક છોકરી જન્મ્યાં ને ગુજરી ગયાં. આથી મારાં પિતાજી અને માતાજીને થયું કે આવું કેમ થાય ? કોઈ બ્રાહ્મણને પૂછ્યું, તો એણે કહ્યું કે, ‘તમે જો સંકલ્પ લો કે ભીખ ઉપર જ તમે છોકરાને જિવાડશો તો તમારા ઘરમાં જે કોઈનો શાપ લાગ્યો હશે કે એવું કંઈ થયું હશે એની અસર નહીં થાય.’ એટલે મારાં પિતા અને માતા પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે આ છોકરાને ધવડાવશે વેટ નર્સ ! એટલે કે મારી મા ન ધવડાવે. કપડાં ભીખ માંગીને લીધેલાં, એટલે સગાંવહાલાં આપી જાય. જે કંઈ મારી છ મહિના સુધીની જરૂરિયાતો છે એ બધી જરૂરિયાતો પારકા માણસો આવીને આપી જાય અને તે રીતે હું જીવ્યો. એટલે ભીખનું માગેલું મારું જીવન, એટલે નામ આપ્યું ‘ભીખુ’. મારું એ નામ એટલું બધું સૂચક છે કે જ્યારે જ્યારે નામ આવે ત્યારે પ્રશ્નાર્થ થાય જ. ઈંગ્લૅન્ડ ગયો ત્યારે પણ કહ્યું કે નામ બદલી નાખ અને સારું કંઈ

નામ રાખ. મેં કહ્યું, ના. આ નામ મને અતિ પ્રિય છે. આ નામથી મારા આખા જીવનનો શું હેતુ છે એ મને ખ્યાલ આવે છે. ભીખુ નામ છે એનો અર્થ એ થયો કે હંમેશાં આ નામ મને યાદ અપાવે છે કે હું મારાં માતાપિતાને કેટલો બધો વહાલો હતો. મારે માટે ભીખ માંગવાની તકલીફ મારી માતાએ છ-આઠ મહિના સુધી લીધી. બીજું કે લોકોએ છૂટથી આપ્યું એટલે હું જીવ્યો એટલે મારું જીવન એ લોકોનું દાન છે, મારું નથી. જ્યારથી હું જન્મ્યો ત્યારથી એક રસ્તો ખુલ્લો થયો અને પછીનાં બાળકો એકેએક જીવ્યાં. એટલે એ બધાં બાળકોનો પણ સ્રોત કે ઉદ્‌ભવસ્થાન હું છું, કારણ કે હું જીવ્યો તો મારાં ફૅમિલી ઉપર શાપ કે એવું કંઈ હશે એ નીકળી ગયું અને બીજાં બધાં બાળકો આ રીતે મોટાં થતાં ગયાં. આથી મારા ઉપર વૈશ્વિક કે કૌટુંબિક બધી જવાબદારી આવીને ઊભી રહી. હું એકલો નથી, એક આખી સાંકળ છે અને એ સાંકળનો હું એક ભાગ છું અને મહત્ત્વનો ભાગ છું. નવું ભવિષ્ય ઊભું થયું મારા આવ્યાથી.

**– સંકલન ભદ્રાયુ વછરાજાની**

---

**(૧૮મા પાનાનું ચાલુ)**

ઈઝરાયલ, નેધરલૅન્ડ, મધ્યપૂર્વનાં આરબ રાષ્ટ્રો અને જામનગરમાં રિલાયન્સ ઉદ્યોગે દરિયાના પાણીને મીઠું કરી વ્યવહારુ ઉપાય આપ્યો છે. તે હવે વિકેન્દ્રિત ધોરણે રાજ્યના દરિયાકાંઠાનાં ૭,૪૬૬ ગામડાંઓમાં વિસ્તારીએ. કામચલાઉ ઉપાયો કરતાં ગામ શહેરના ખારા પાણીના કૂવા-બોર ઉપર ડી-સેલિનેશન પ્લાન્ટ નાખવાનું વધુ વ્યવહારુ અને કાયમી ઉપાય બનશે.

વિશ્વના બદલાતા પ્રવાહો ઉપર કામ કરતી અમેરિકી સંસ્થાના અહેવાલને ટાંકતાં વિશ્વબૅંકે જણાવ્યું છે કે દુનિયાની ૭૫ ટકા વસ્તી આવતાં ૨૦ વર્ષમાં દરિયાકાંઠાના ઉપરવાસના ૬૦ કિમી.માં સ્થાયી થશે અને વિકાસનો આધાર દરિયાકિનારો બનશે. જ્યારે બીજી તરફ ગુજરાત સરકારના અહેવાલ મુજબ રાજ્યમાં ૨૫,૦૪૨ કૂવા-હૅન્ડપંપ પાણી વિનાના નિષ્ક્રિય પડી રહ્યા છે, જે સ્થિતિથી સ્પષ્ટ થાય છે કે પાતાળનાં પાણી ઉલેચવા કરતાં ખારા પાણીને વધુ ને વધુ સસ્તા દરે મીઠું કરવા સેન્ટ્રલ સૉલ્ટ રિસર્ચ અને ભાભા ઍટમિક સેન્ટરના વિજ્ઞાનીઓએ કમર કસવી પડશે.

૧૯૬૦ના દાયકામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જ્હૉન કૅનેડીએ પોતાના હોદ્દાના શપથ લીધા ત્યારે અમેરિકાની જનતાને સંબોધન કરતાં કહ્યું કે, 'મારી સરકાર અમેરિકાનો ધ્વજ ચંદ્ર પર લહેરાવશે, પરંતુ તે પહેલાં અમેરિકી ખાણાના ટેબલ ઉપર શુદ્ધ પાણીના ગ્લાસ મુકાશે.' આ વાત મૂકતાં ભારતરત્ન અબ્દુલ કલામે અમદાવાદમાં કહ્યું કે, 'અવકાશમાં સેટેલાઈટ તરતો મૂકવાનું સહેલું છે. પણ ઘરે ઘરે શુદ્ધ પાણી પહોંચાડવું કપરું છે.'

પાણી એ સહુથી વધુ આવશ્યક અને તેના ખારાપણા સાથે સહુથી વધુ જથ્થામાં ઉપલબ્ધ છે ત્યારે હવે મીઠા પાણીની શોધમાં યોજનાઓ મૂક્યા કરવા કરતાં ખારા પાણીને પીવા અને વાપરવા યોગ્ય મીઠું કરી લેવામાં અને છેવટે ખારા પાણીથી ઊગતી વનસ્પતિ અને તેની આડપેદાશોના ઉદ્યોગો તરફ ગંભીરતાથી વિચારણા કરતા થઈએ.

**– નાનક ભટ્ટ**

## ‘રેવડી’ : આ શબ્દ છે ‘વર્ડ ઑફ ધ યર – ૨૦૨૨’

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સંચાલિત ગુજરાતી લૅક્સિકન દ્વારા પ્રત્યેક વર્ષે સૌથી વધુ વપરાયેલો શબ્દ શોધવામાં આવે છે. એ સંદર્ભમાં ૨૦૨૨ના વર્ષમાં કયો શબ્દ સૌથી વિશેષ વપરાશ પામ્યો તેનો સર્વે કરીને તારણ કાઢવામાં આવે છે. તો ચાલો, ‘વર્ડ ઑફ ધ યર – ૨૦૨૨’ માટેની પસંદગીની વાત કરીએ.

વર્ષની શરૂઆત જ યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધના ભણકારાથી થઈ અને ફેબ્રુઆરી ૨૦૨૨થી ‘યુદ્ધ’ એટલે કે ‘war’ શબ્દ ચર્ચામાં રહ્યો જે વર્ષના અંત સુધી ચર્ચાયેલો રહ્યો. આ બે દેશો વચ્ચેના યુદ્ધે વર્લ્ડ વૉર થવાની શક્યતાનાં પણ એંધાણ આપ્યાં. વર્લ્ડ વૉર થવાની શક્યતાને કારણે મોંઘવારીએ માઝા મૂકી. પેટ્રોલના ભાવ સતત વધતા ગયા. વળી કોરોનાને કારણે પણ આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધેલા હતા અને તેમાં યુક્રેન-રશિયા યુદ્ધ, પેટ્રોલના ભાવમાં વધારો વગેરે કારણોને લીધે ભારતમાં પણ મોંઘવારી વધી અને બીજી તરફ મંદીનો માહોલ જોવા મળ્યો. મંદીને કારણે બેરોજગારી પણ વધતી ગઈ. ઘણે ઠેકાણે લોકોએ પોતાની વાતની રજૂઆત કરવા આંદોલનનો સહારો લીધો. આ બધાના પ્રત્યાઘાતો વિવિધ રાજ્યોમાં વર્ષ ૨૦૨૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળ્યા. એક બાજુ દેશમાં ચૂંટણીનો માહોલ જામ્યો હતો. વિવિધ પક્ષો પોતાના મેનીફિસ્ટો જાહેર કરી રહ્યા હતા. પક્ષો મતદારોને પોતાના તરફ આકર્ષવા વિવિધ વચનો અને જાહેરાતો કરી રહ્યા હતા. અને આ જાહેરાતો દરમિયાન ‘રેવડી’ એ શબ્દએ ચૂંટણીના માહોલમાં ગરમાવો લાવી દીધો. રેવડી મૂળભૂત રીતે તો તલ અને ગોળની બનેલી ખાસ કરીને શિયાળામાં ખવાતી વાનગી છે. પણ અહીં તેનો લાક્ષણિક અર્થ જોઈએ તો મફત, સસ્તું આદિની લાલચ સંદર્ભમાં પ્રયોજવામાં આવ્યો. ચૂંટણીમાં ઊભેલા ઉમેદવારોએ મતદારોને રીઝવવા રેવડી કલ્ચરથી દૂર રહેવું એવી ટકોર પણ ચર્ચામાં રહી.

આ બધાની વચ્ચે સમગ્ર ભારતમાં આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગ રૂપે ચાલેલ ‘અમૃત-મહોત્સવે’ પણ દરેક ભારતીયનું ધ્યાન ખેંચ્યું અને તેમાં પણ ‘હર ઘર તિરંગા’એ તો સમગ્ર દેશમાં દેશપ્રેમની લહેર જગાડી દીધી. દરેક ભારતીયની છાતી ગર્વથી ગજ ગજ ફૂલી ઊઠી.

વળી, વર્ષની આખરમાં દેશમાં જ નહીં, વિદેશમાં વસતા લોકોનું ધ્યાન પ્રમુખ સ્વામી શતાબ્દી-મહોત્સવ તરફ ખેંચાયું. આ મહોત્સવની ઉજવણીમાં ભાગ લેવા દેશ-વિદેશથી લોકોનાં ધાડેધાડાં ગુજરાતમાં ઊતરી આવ્યાં. આમ, આ સમગ્ર વર્ષ રાજકીય, રાષ્ટ્રીય અને ધાર્મિક – એમ દરેક ક્ષેત્રે વિવિધ કારણોસર લોકોના મુખે રમતું રહ્યું.

અંતે, આ વિવિધ પરિબળો અને સલાહકાર સમિતિ સાથેની ચર્ચા-વિચારણા બાદ




**વર્ડ ઑફ ધ યર**

'રેવડી' શબ્દને 'વર્ડ ઑફ ધ યર - ૨૦૨૨' માટેનો શબ્દ જાહેર કરવામાં આવે છે. આ પ્રતિયોગિતામાં ભાગ લેવા બદલ ગુજરાતી લૅક્સિકન અને ગુજરાત વિશ્વકોશ પરિવાર સૌનો હૃદયથી આભાર માને છે.

ગુજરાતી લૅક્સિકન વિશે સતત માહિતગાર રહેવા અચૂક મુલાકાત લો : www.gujaratilexicon.com

**– મૈત્રી શાહ**

---

## ડો. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ પારિતોષિક

અનેકવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા; ગુજરાતી, અંગ્રેજી અને મરાઠીમાં કુલ ૬૦ જેટલાં પુસ્તકોની રચના કરનારા તથા મુંબઈના જાહેર જીવનના અગ્રણી ડૉ. હેમરાજ વી. શાહે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી, મુંબઈ તરફથી ૨૦૧૦થી કવિ નર્મદના જન્મદિવસ – ૨૪મી ઑગસ્ટે કવિ નર્મદ પુરસ્કાર આપવાનું આયોજન કર્યું હતું.

૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ ઊજવાય છે અને ૨૭મી ફેબ્રુઆરીએ વિશ્વ મરાઠી ભાષા દિવસ ઊજવાય છે. એમણે ૨૪મી ઑગસ્ટે કવિ નર્મદના જન્મદિવસની ઉજવણીનો ૨૦૧૦માં પ્રારંભ કર્યો અને અત્યાર સુધીમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, રમેશ શુક્લ, ધીરુભાઈ ઠાકર, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ અને ધીરુબહેન પટેલને કવિ નર્મદ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યાં છે.

હવે આગામી ૨૨મી માર્ચે ૮૨ વર્ષ પૂરાં કરીને ૮૩મા વર્ષમાં પ્રવેશતા શ્રી હેમરાજભાઈ શાહે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી કવિ નર્મદ પારિતોષિક આપવામાં આવે એવી ભાવના સાથે એમણે વિશ્વકોશને પાંચ લાખ રૂ.નો સહયોગ આપ્યો છે. વિશ્વકોશ એમની ભાવનાને વધાવે છે અને હવે પછી કવિ નર્મદના જન્મદિવસે વિશ્વકોશ દ્વારા કવિ નર્મદ પારિતોષિક આપવામાં આવશે.

***

## પ્રો. જે. ડી. તલાટીની સ્મૃતિમાં આર્થિક યોગદાન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં રસાયણશાસ્ત્રના વિદ્વાન શ્રી જશવંતલાલ ડી. તલાટીએ ઘણાં વર્ષો સુધી રસાયણવિજ્ઞાનનાં અનેક અધિકરણોનું લેખન અને પરામર્શન કર્યું હતું. એ ઉપરાંત એમણે વિજ્ઞાનવિભાગના વિભાગીય સંપાદક તરીકે ઉત્તમ કામગીરી બજાવી હતી. વધતી ઉંમર અને શારીરિક મુશ્કેલીઓ વચ્ચે પણ વિશ્વકોશમાં આવીને એમની સરસ્વતી-સાધના અવિરત ચાલુ રાખી હતી.

વિશ્વકોશને અઢી દાયકા સુધી સહયોગ આપનાર આ નિ:સ્પૃહ વિદ્વાનની સ્મૃતિમાં એમનાં પત્ની શ્રી નલિનીબહેન તલાટીએ સંસ્થાને બે લાખ રૂ.નું દાન આપ્યું છે. જે સંસ્થા પ્રત્યેના એમના સ્નેહ અને આદરભાવને વ્યક્ત કરે છે.

વિશ્વકોશ એમની આ ઉદાર ભાવનાને સાભાર સ્વીકારે છે.

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

**◈ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**

શ્રી સુરેશ સોની (સમયમર્યાદા : ૧ કલાક, ૧૬ મિનિટ)

**◈ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**

લૉર્ડ ભીખુ પારેખ (સમયમર્યાદા : ૧ કલાક, ૨૫ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

## શ્રી રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

**◈ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩, મંગળવાર : સાંજના ૫-૩૦**

શ્રી રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્રના ઉપક્રમે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી રસીલા કડીઆના સંશોધનગ્રંથ 'દસ્તાવેજસંગ્રહ' ભાગ-૨નું વિમોચન.

વિમોચન : ડૉ. પ્રવીણચંદ્ર સી. પરીખ, વક્તવ્ય : કુમારપાળ દેસાઈ, વર્ષા ભગત ગાંગુલી, મનુભાઈ શાહ (ગુર્જર), દસ્તાવેજની આપવીતી : શ્રી અર્ચન ત્રિવેદી અને શ્રી જિગીષા ત્રિવેદી, સંશોધનની કેડીએ : રસીલા કડીઆ

## લલિતકલાકેન્દ્ર

**◈ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ લલિતકલાકેન્દ્રના ઉપક્રમે ચિત્રકાર શ્રી નીલિમા શેખનું 'મારી કલાયાત્રા' વિશે વક્તવ્ય.

**◈ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને એસજીવીપીના સંયુક્ત ઉપક્રમે પત્રકાર શ્રી કુંદન વ્યાસનાં પુસ્તકોનું વિમોચન પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજીના હસ્તે. વક્તવ્ય : ભાગ્યેશ જહા, કુમારપાળ દેસાઈ, નરેશ વેદ, પ્રતિભાવ : શ્રી કુંદન વ્યાસ

સ્થળ : ઑડિટોરિયમ, એસ.જી.વી.પી. ગુરુકુલ, છારોડી, એસ.જી.રોડ, અમદાવાદ

## પદ્મભૂષણ ડો. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ

**◈ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩, મંગળવાર : સાંજના ૫-૩૦**

ઈ. સ. ૨૦૨૨નો પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ ડૉ. ચંદ્રકાન્ત શેઠને અર્પણ કરવામાં આવશે.

વક્તવ્ય : ધીરુબહેન પટેલ, રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, યોગેશ જોશી

## અન્ય

## ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજીના ઉપક્રમે આયોજિત

**◈ ૪ જાન્યુઆરી, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**

છેલ્લાં ૨૪ વર્ષથી અહિંસા, શાકાહાર અને પ્રાણી અધિકારોની સફળ ઝુંબેશ કરનાર તથા બ્રિટનમાં શાકાહાર માટે પ્રેરનાર શ્રી નીતિન મહેતાનું વક્તવ્ય

પશ્ચિમના દેશોમાં ચાલતી અહિંસા અને શાકાહારની આશ્ચર્યજનક પ્રવૃત્તિઓ

અતિથિવિશેષ : કુશલ ભણસાળી

ગ્રંથવિમોચન : Ancient India's Imprints and Influences on the World ગ્રંથનું વિમોચન

## આસ્વાદ

**◈ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં ગુજરાતના સુગમ સંગીતના જાણીતા ગાયક અને સ્વરકાર શ્રી અમર ભટ્ટ 'ગુજરાતી કાવ્યસમૃદ્ધિ : સંગીતની નજરે' વિશે વક્તવ્ય આપશે.

## અંજલિ ખાંડવાળા એવૉર્ડ અર્પણવિધિ

**◈ ૪ ફેબ્રુઆરી ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ખાંડવાળા ક્રિએટિવિટિ ફાઉન્ડેશનના ઉપક્રમે વાર્તાકાર શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીને તથા સંગીતકાર શ્રી પીયૂષ દવેને અંજલિ ખાંડવાળા ઍવૉર્ડ અર્પણવિધિ.

જેમાં અંજલિ ખાંડવાળા વિશે વક્તવ્ય તથા નિર્ણાયક બિપિન પટેલ અને ધૈવત શુક્લના વક્તવ્યો તેમજ પારિતોષિક વિજેતાઓ દ્વારા પ્રતિભાવ.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે. જેનાથી બાળકોને ગુજરાતી ભાષામાં રસ પડે અને વર્તમાન સમયને અનુલક્ષીને રચાયેલી વાર્તાઓનો આનંદ પ્રાપ્ત થાય.

જાન્યુઆરી મહિનામાં ૧ જાન્યુઆરીએ 'રાજાનો વ્હાલો સેવક', ૮ જાન્યુઆરીએ 'મારો ઊડે પતંગ', ૧૫ જાન્યુઆરીએ 'ખલીલની ચતુરાઈ', ૨૨ જાન્યુઆરીએ 'ભારત મારો દેશ છે' અને ૨૯ જાન્યુઆરીએ 'ભગવાને જે આપ્યું તે ઉત્તમ' એ વાર્તા રજૂ થશે.

૧, ૧૫ અને ૨૯ જાન્યુઆરીએ પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી અને ૮ અને ૨૨ જાન્યુઆરીએ પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં મૂલ્યવાન પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત રૂ. |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનાંજન-૧ (બીજી આવૃત્તિ) | સં. પ્રીતિ શાહ | ૨૦૦ |
| ૨. | જ્ઞાનાંજન-૨ | સં. પ્રીતિ શાહ | ૨૫૦ |
| ૩. | રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ | જે. પી. ત્રિવેદી | ૧૨૦ |
| ૪. | કવિની ચોકી | ત્રિદીપ સુહૃદ | ૨૫૦ |
| ૫. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | કનુભાઈ જાની | ૮૦ |
| ૬. | ડાયનોસૉર | પ્રવીણસાગર સત્યપંથી | ૧૦૦ |
| ૭. | રેલવેની વિકાસગાથા | જિગીષ દેરાસરી | ૧૦૦ |
| ૮. | રતિ-વિરતિ | રતિલાલ જોગી | ૮૦ |
| ૯. | સવ્યસાચીનો શબ્દવેધ | પ્રફુલ્લ રાવલ | ૨૭૦ |
| ૧૦. | જીવનનું જવાહિર | કુમારપાળ દેસાઈ | ૧૫૦ |
| ૧૧. | શીલની સંપદા | કુમારપાળ દેસાઈ | ૧૫૦ |
| ૧૨. | મનની મીરાત | કુમારપાળ દેસાઈ | ૧૫૦ |
| ૧૩. | તરસ્યા મલકનો મેઘ | મણિલાલ હ. પટેલ | ૧૭૦ |
| ૧૪. | શબ્દનું સખ્ય | ધીરુભાઈ ઠાકર | ૨૦૦ |
| ૧૫. | શહીદ વિનોદ કિનારીવાલા | બિપિન જેઠાલાલ સાંગણકર | ૮૦ |
| ૧૬. | માનવજનીનવિજ્ઞાન | બી. સી. પટેલ | ૨૫૦ |
| ૧૭. | સપનાનાં સોદાગર | ઉષા ભાલ મલજી | ૧૪૦ |
| ૧૮. | ૧૯મી સદીનું ગુજરાતી સાહિત્ય | દીપક મહેતા | ૧૩૦ |
| ૧૯ | પર્યાવરણ-સંહિતા | આર. વાય. ગુપ્તે | ૨૩૦ |
| ૨૦. | ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ | જિગીષ દેરાસરી | ૨૦૦ |
| ૨૧. | હસ્તપ્રતવિજ્ઞાન | જયન્ત પ્રેમશંકર ઠાકર | ૨૨૦ |
| ૨૨. | અભિનેય નાટકો (ભાગ ૧) | ધીરુભાઈ ઠાકર | ૧૫૦ |
| ૨૩. | કેટલાક સાહિત્યિક વિવાદો | ધીરુભાઈ ઠાકર | ૨૨૦ |
| ૨૪. | સંસ્કૃતિ-સૂચિ | સં. તોરલ પટેલ,<br>શ્રદ્ધાબહેન ત્રિવેદી | ૩૦૦ |
| ૨૫. | સર સી. વી. રામન | પ્રહ્લાદ પટેલ | ૧૬૦ |
| ૨૬. | ગાંધીજી અને પાંચ સાક્ષરો | ધીરુભાઈ ઠાકર | ૧૦૦ |
| ૨૭. | રચનાત્મક ભૂવિદ્યા | ગિરીશભાઈ પંડ્યા | ૧૫૦ |
| ૨૮. | કીડી કુંજર કરે કમાલ | અંજના ભગવતી | ૧૫૦ |

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અપાતાં એવૉર્ડ/પારિતોષિક/ચંદ્રક

૧. પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ (કલાક્ષેત્રે વિશિષ્ટ યોગદાન માટે)
૨. શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ (શિક્ષણમાં નવાચાર દ્વારા પરિવર્તન માટે કાર્યરત શિક્ષક માટે)
૩. સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ (સામાજિક ઉત્થાન માટે ઉદ્યમશીલ વ્યક્તિ માટે)
૪. શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ (ટૅક્નૉલૉજી દ્વારા પરિવર્તન માટે)
૫. પ્રો. અનંતરાય રાવળ વિવેચન-ઍવૉર્ડ (વિવેચન માટે)
૬. પ્રો. અનંતરાય રાવળ શિક્ષક ઍવૉર્ડ (પ્રયોગાત્મક શિક્ષણ માટે)
૭. શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ (નાટ્યલેખન માટે)
૮. શ્રી અંજલિ ખાંડવાળા પારિતોષિક (પ્રથમ વાર્તાસંગ્રહ માટે)
૯. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક (પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં સંશોધન માટે)
૧૦. ગુજરાતના સંસ્કારપુરુષ શેઠ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ પારિતોષિક અને પ્રવચન (તત્ત્વજ્ઞાન અને સાહિત્ય માટે)
૧૧. ડૉ. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ પારિતોષિક (સાહિત્ય માટે)
૧૨. ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ (ચિત્રકલા માટે)

**વિશ્વવિહાર**

દર મહિને વિશ્વની ગતિવિધિને આલેખતું, નિયમિત પ્રગટ થતું વિશ્વકોશનું સંપર્કપત્ર યૂટ્યૂબ પર ઓડિયો સ્વરૂપે પણ ઉપલબ્ધ.

**બાળવાર્તા**

દર રવિવારે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ પર ૧૦.૩૦ વાગ્યે નિયમિત પ્રસારિત થતી બાળવાર્તા અને બાળગીત.

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.